# JCCI BULLETIN

5th Edition 2024-25




## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(ફોર્મરલી નોન એઝ ધી નવાનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી)

ધીરૂભાઇ અંબાણી વાણિજ્ય ભવન

સુભાષ બ્રીજ પાસે, જામનગર - રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

ફોન : ૦૨૮૮-૨૫૭૦૨૨૧ ૯૪૨૮૭ ૨૭૬૨૩, ૭૦૧૬૩ ૬૮૭૮૧

email : info@jamnagarchamber.org web. : www.jamnagarchamber.org

COMING SOON...

THE PARKSIDE



# વાલ્કેશ્વરીમાં અમેનિટીઝ માટે DON'T-WORRY

KALAVID

4 BHK LUXURIOUS FLATS

વાલકેશ્વરી નગરી, જામનગર. 92270 02495 I 99255 02222

Developers

BATHANI BUILDERS

ISO 9001 - 2015 COMPANY

ESTD. : 22-5-1933

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

## ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન

સુભાષ બ્રીજ પાસે, જામનગર-રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

**"બધી કલાઓમાં જીવન જીવવાની કલા સૌથી સારી છે."**


### ચેમ્બરના હોદ્દેદારશ્રીઓ સને ૨૦૨૩-૨૫

**પ્રમુખ**
**બિપેન્દ્રસિંહ સી. જાડેજા**
રેસી. : ૨૫૫ ૯૭૯૮
મો. : ૯૮૨૪૮ ૧૨૫૧૨

**ઉપપ્રમુખ**
**રમણીક પી. અકબરી**
ઓ. : ૨૫૬૦૦૨૨૨, ૨૫૬૦૩૩૩
રેસી. : ૨૫૫૬૬૩૪
મો. : ૯૮૯૮૦ ૯૭૧૫૩

**માનદ્ મંત્રી**
**અક્ષત વ્યાસ**
ઓ. : ૨૭૫૭૮૨૮, ૨૬૭૬૮૧૧
રેસી. : ૨૭૫૪૫૩૯
મો. : ૯૮૯૮૨ ૬૫૧૧૧

**માનદ્ સહમંત્રી**
**કૃણાલ વી. શેઠ**
ઓ. : ૨૫૬ ૦૯૦૧
રેસી. : ૨૫૫૮૪૧૨
મો. : ૯૮૨૫૦ ૫૦૮૦૯

**માનદ્ ખજાનચી**
**અજેશ વી. પટેલ**
ઓ. : ૨૭૫ ૭૩૫૫, ૨૭૫ ૭૩૭૭
રેસી. : ૨૫૫ ૨૫૬૭, ૨૫૫ ૬૩૨૭
મો. : ૯૮૨૫૨ ૧૧૮૪૦

**માનદ્ ઓડીટર**
**તુષાર રામાણી**
મો. : ૯૯૯૮૪ ૩૦૩૦૩

**માનદ્ સંપાદક**
**સુધીર એન. વછરાજાની**
ઓ. : ૨૫૫૨૦૨૪, ૨૫૫૩૫૮૬
રેસી. : ૨૫૫૭૯૪૧
મો. : ૯૮૨૫૨ ૧૨૧૯૯


તંત્રી સ્થાનેથી...

પ્રિય સ્નેહી સભ્યશ્રીઓ,

સંસ્થાના વર્ષ ૨૦૨૪-૨૫ ના ડિસેમ્બર માસના ચેમ્બર બુલેટિનના આ પાંચમા અંકમાં ઉપર મુજબના એક સુંદર સુવિચાર સાથે આપ સર્વેને આવકારૂં છું. ૨૦૨૫ આપના સર્વેના જીવનમાં સુખ, સંપતિ અને સમૃદ્ધિ આપે એવી શુભકામનાઓ.

મિત્રો, આપણે જાણીએ છીએ કે ભારત સરકાર નવી સિધ્ધિઓ પ્રાપ્ત કરી રહી છે જેમાં એક છે ભારતપોલ કે જે ઈન્ટરપોલ ની જેમ હવે ગુનેગારો ને પકડવા માટે ભારત-પોલની રચના કરી છે. આપણો દેશ બહુ મોટો છે, ક્રિમિનલ હવે એક કરતાં વધુ રાજ્યોમાં એક્ટિવ થઇ રહ્યા છે. ગુનેગારો હવે હાઈટેક થઇ ગયા છે. એને ખબર છે કે, પોલીસના સાઇબર ટ્રેસિંગ થી કેવી રીતે બચવું, જેથી પોલીસ માટે પડકારો વધી રહ્યા છે તેથી હવે ચોર પર નજર રાખવા ભારતપોલ કામ કરશે અને બીજી તરફ એન્ટરટેઇન ની વાત કરીએ નો નેટફ્લિક્સ, હોટસ્ટાર ની જેમ ભારતની ઓટીટી વેવ્સ એન્ટ્રી કઇ ચૂકી છે. ભારત આત્મનિર્ભર બની રહ્યું છે.

વડાપ્રધાને અર્થશાસ્ત્રીઓ અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં અર્થતંત્રના વિકાસદર ને ઊંચો લાવવા, મૂડી ખર્ચ વધારવા, કોર્પોરેટ ટેક્ષ ઘટાડવા વિષે ચર્ચા-વિચારણાઓ કરેલ હતી.

જામનગર ચેમ્બર દ્વારા ઉદ્યોગ જગત ને લગત કર-વેરા માં રાહત આપવાની માંગ સાથે પ્રિ-બજેટ મેમોરેન્ડમ નાણાં મંત્રાલય ને મોકલવામાં આવે છે અને તેનો યોગ્ય પ્રતિસાદ પણ દરેક બજેટ માં ઉદ્યોગ જગતને મળતો રહે છે. આ વર્ષે પણ આપણે સંલગ્ન પેનલો સાથે ચર્ચા કરીને પ્રિ-બજેટ મેમોરેન્ડમ મોકલાવેલ છે અને આશા રાખીએ કે આ વર્ષનું બજેટ જે ૦૧.૦૨.૨૦૨૫ ના રોજ રજુ થશે તેમાં પણ આપણે મોકલાવેલ કર-વેરા ની રાહત નો યોગ્ય પ્રતિભાવ મળશે અને તેનો દેશના દરેક ઉદ્યોગ જગતને લાભ થશે એવી અપેક્ષા છે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) નવા વર્ષમાં વિશ્વનો સૌથી મોંઘો સૅટેલાઇટ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેને ISRO અને NASA દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો છે. આ સૅટેલાઇટ માર્ચમાં લોન્ચ થઇ શકે છે. તેની કિંમત

૧૨૫૦૫ કરોડ રૂપિયા છે અને તે અત્યાર સુધીનો વિશ્વનો સૌથી મોંઘો ઉપગ્રહ હોવાનું કહેવાય છે.

દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવા માટે ના વન નેશન વન ઈલેક્શન બિલને કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી અને તેને સંસદના શિયાળુ સત્રમાં જ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. જો બિલ સંસદમાં પાસ થઈ જશે તો ૨૦૨૯ મા આખા દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવામાં આવી શકે છે.

તમે જાણતા જ હશો કે સરકારે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી છે જે ૧ લી જાન્યુઆરી ૨૦૨૬ થી લાગુ પડશે.

૨૦૨૪ માં ઈતિહાસ રચનાર દિકરીઓમાં મનુ ભાકર ઓલિમ્પિક માં અનેક ચંદ્રકો મેળવી દેશનું નામ રોશન કર્યું. અવની લેખરા પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો. નેનસી ત્યાગી ૭૭ માં કાન્સ ફેસ્ટિવલ માં તેનો સ્વયં તૈયાર કરેલો ડ્રેસ પહેર્યો હતો. મોહના સિંહ સ્કવોર્ડન લીડર હવાઈ દળના તેજસ લડાકુ વિમાન ઉડાડનારી મહિલા પાઈલટ બની ઈતિહાસ રચ્યો છે. સાધના સક્સેના નાયર ૨૦૨૪ માં લેફ્નેન્ટ જનરલ ૨૦૨૪ માં ડિરેક્ટર જનરલ ઓફ મેડિકલ સર્વિસીસ (આર્મી) પદે નિમણૂંક પામનારા પ્રથમ મહિલા છે. પાયલ કાપડિયા એ ફિલ્મ ઓલ વી ઈમેજિન એઝ લાઈટ ફિલ્મનું દિગ્દર્શન કર્યું જેની ૭૭ માં કાન્સ ફેસ્ટિવલમાં ભારે પ્રશંસા કરવામાં આવી અને ગ્રાન્ડ પ્રિક્સ પુરસ્કાર મેળવ્યો. આજ રીતે ૨૦૨૫ માં ભારત અનેક ક્ષેત્રોમાં આગળ રહેશે તેવી આશા છે.

છેલ્લે સુંદર વિચાર સાથે મારી કલમ ને વિરામ આપું છું અને આગામી અંકમાં નવા વિષય સાથે ફરી મળીશું.

**''જીવનમાં સફળતા માટે મહેનત એક માત્ર ઉપાય''**

અસ્તુ...

**સુધીર એન. વછરાજાની**
માનદ્ સંપાદકશ્રી

## જામનગર ચેમ્બર દ્વારા થયેલ કાર્યવાહીની નોંધ

૦૪/૧૨/૨૦૨૪ મિનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સને સલાયા બંદર દેવભૂમિ દ્વારકા ખાતે ઈમિગ્રેશન સેવા ચેકપોસ્ટ સુવિધાના પ્રશ્નોના નિરાકરણ માટે પત્ર પાઠવવામાં આવેલ.

૦૪/૧૨/૨૦૨૪ સાયબર સિક્યોરિટી તથા ડ્રગ્સ વિરોધી સેમિનાર અંગે વિવિધ શાળા અને કોલેજો તથા ક્લબને પત્ર પાઠવવામાં આવેલ.

૦૭/૧૨/૨૦૨૪ જામનગર BSNL ટેલિફોન એક્સચેન્જમાં સંપૂર્ણ આઉટેજ માટે પત્ર પાઠવવામાં આવેલ.

૧૩/૧૨/૨૦૨૪ જામનગરના સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જીનીયરશ્રી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડને પત્ર પાઠવી સેમિનાર યોજાનાર દિવસે વિજ પુરવઠાની વ્યવસ્થા જાળવવા બાબત પત્ર પાઠવવામાં આવેલ.

૧૬/૧૨/૨૦૨૪ ડૉ. એસ. જયશંકર મિનિસ્ટ્રી ઓફ એક્ષટ્રનલ અફેર્સને પત્ર પાઠવી સર્ટિફિકેટ ઓફ ઓરિજિન ઓનલાઇન અને ઓફલાઇન ચાલુ રાખવા કરેલ રજૂઆત.

૧૯/૧૨/૨૦૨૪ શ્રી ડી. સી. હેરમા, અધિક કમિશ્નર રાજ્ય કર ગુજરાત, અમદાવાદ અને શ્રી રાજીવ ટોપનો ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષિસ ગુજરાત, અમદાવાદ ને જામનગર માં સંયુક્ત રાજ્ય કાર કમિશ્નરની કચેરી ફાળવવા બાબત કરવામાં આવેલ રજૂઆત.

૨૦/૧૨/૨૦૨૪ શ્રી હેમાંગી ગોસ્વામી ડેપ્યુટી સ્ટેટ ટેક્સ કમિશ્નરશ્રી વિભાગ-૧ રાજકોટ ને અપીલ ના કેસ ચલાવવા અધિકારીઓ ના માંગવામાં આવતા અહેવાલ બાબત પત્ર પાઠવવામાં આવેલ.

૨૧/૧૨/૨૦૨૪ શ્રી પ્રેમસુખ ડેલું પોલીસ અધિક્ષકશ્રી જામનગર અને શ્રી ડી. એન. મોદી કમિશ્નરશ્રી જામનગર મહાનગર પાલિકા ને જામનગરના સ્મશાન ચોકડી પાસે દર રવિવારે ભરાતી રવિવારી બજાર સ્થળાંતર કરવા બાબત અને એચએએલ જામનગરમાં ચાલી રહેલ ફ્લાય ઓવર બ્રિજ ના કામ ને ધ્યાને લઇ તાકીદે પગલાં લેવા પત્ર પાઠવવામાં આવેલ.

૦૭/૦૧/૨૦૨૫ શ્રી નિર્મલા સિતારામનજી નાણામંત્રીશ્રી ને જીએસટી ના પેમેન્ટ માટે કરદાતાઓને તેમના કેશ લેઝર નો ઉપયોગ કરવામાં આવેલ રજૂઆત.

૧૦/૦૧/૨૦૨૫ શ્રી નિર્મલા સિતારામનજી નાણામંત્રીશ્રી ને યુનિયન પ્રિ-બજેટ અંગેના સૂચનો (મેમોરેન્ડમ) વર્ષ ૨૦૨૫-૨૬ ના મોકલવામાં આવેલ રજૂઆત.

૧૩/૦૧/૨૦૨૫ શ્રી ડી.સી. હેરમા, અધિક કમિશ્નર રાજ્ય કર ગુજરાત, અમદાવાદ ને જીએસટીઆર ૩બી ની સર્ટીફાઇડ કોપી મેળવવામાં થતી મુશ્કેલી બાબત કરવામાં આવેલ રજૂઆત.

૧૫/૦૧/૨૦૨૫ શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાનશ્રી અને શ્રી નિર્મલા સિતારામનજી નાણામંત્રીશ્રી ને અનિયમિત લેણદેણ પ્રવૃતિઓ પર પ્રતિબંધના ડ્રાફ્ટ બિલ અંગે વિરોધ દર્શાવાતો પત્ર પાઠવવામાં આવેલ રજૂઆત.

૧૫/૦૧/૨૦૨૫ શ્રી નિર્મલા સિતારામનજી નાણામંત્રીશ્રી ને મેટલ સ્ક્રેપ ઉપર લગાવવામાં આવેલ જીએસટી-ટીડીએસ પરત

ખેંચવા બાબત કરવામાં આવેલ રજૂઆત.

૧૬/૦૧/૨૦૨૫ જનરલ મેનેજરશ્રી ભારત સંચાર નિગમ લિમિટેડ જામનગર ને ચેમ્બર ના સભ્ય શ્રી ને મોટી રકમ નું આપવામાં આવેલ ટેલિફોન બિલ બાબત કરવામાં આવેલ રજૂઆત.

૧૬/૦૧/૨૦૨૫ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રાજકોટ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અમદાવાદ તથા શ્રી પૂનમબેન માડમ સાંસદ સભ્યશ્રી જામનગર-દેવભૂમિ દ્વારકા ને પત્ર પાઠવી અનિયમિત લેણદેણ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ના ડ્રાફ્ટ બિલ પર વિરોધ કરવા બાબત કરવામાં આવેલ રજૂઆત.

૧૬/૦૧/૨૦૨૫ શ્રી રાઘવજીભાઇ પટેલ કેબિનેટ મંત્રીશ્રી, શ્રી મુળુભાઇ બેરા કેબિનેટ મંત્રીશ્રી, શ્રી પૂનમબેન માડમ સાંસદ સભ્યશ્રી, શ્રી પબુભા વી. માણેક ધારાસભ્યશ્રી દેવભૂમિ દ્વારકા, શ્રી મેઘજીભાઇ ચાવડા ધારાસભ્યશ્રી જામનગર, ને પત્ર પાઠવી જામનગર જીએસટી કચેરી સંયુક્ત કમિશ્નર (જોઇન્ટ કમિશ્નર) ની કાયમી નિમણૂંક કરવા બાબત કરવામાં આવેલ રજૂઆત.

૧૭/૦૧/૨૦૨૫ શ્રી નિર્મલા સિતારામનજી ચેરમેનશ્રી જીએસટી કાઉન્સિલ ન્યુ દિલ્હી, શ્રી સંજય કુમાર અગ્રવાલ ચેરમેનશ્રી સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્ષ અને કસ્ટમ ન્યુ દિલ્હી, શ્રી પંકજકુમાર સિંઘ એડિશનલ સેક્રેટરી જીએસટી કાઉન્સિલ ન્યુ દિલ્હી, શ્રી રાજીવ ટોપનો ચીફ કમિશ્નર ઓફ રાજ્ય કર અમદાવાદ, શ્રી બી. વી. નાગા કુમારી પ્રિન્સિપાલ કમિશ્નરશ્રી સીજીએસટી ને પત્ર પાઠવી કરદાતાઓ ને જીએસટી કલમ ૧૬(૨)(સી) ને લીધે ઇનપુટ ટેક્ષ ક્રેડિટ મેળવવામાં થતી મુશ્કેલી બાબત કરવામાં આવેલ રજૂઆત.

૧૭/૦૧/૨૦૨૫ શ્રી સંજય કુમાર અગ્રવાલ ચેરમેનશ્રી સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્ષ, શ્રી બી. વી. શિવા નાગા કુમારી કમિશ્નર શ્રી જીજીએસટી, શ્રી લલિત પ્રસાદ કમિશ્નર ઓફ સીજીએસટી (ઓડિટ) રાજકોટને જીએસટી ઓડિટ પ્રક્રિયામાં કરદાતાને થતી મુશ્કેલી બાબત વિસ્તૃત પણે કરવામાં આવેલ રજૂઆત.

૧૮/૦૧/૨૦૨૫ શ્રી દિપકભાઇ રિંડાણી અને શ્રી વારીષભાઇ ઇસાની ને પત્ર કેન્દ્રિય યુનિયન બજેટ ૨૦૨૫-૨૬ અંગેના સેમિનારમાં વક્તા તરીકે પધારવા આયજન બાબત નિમંત્રણ પાઠવવામાં આવેલ.

૨૦/૦૧/૨૦૨૫ શ્રી પિયુષ ગોયલ મિનિસ્ટ્રી ઓફ કોમર્સ ન્યુ દિલ્હી, શ્રી સંતોષકુમાર સારંગી એડિશનલ સેક્રેટરી અને ડીજીએફટી ન્યુ દિલ્હી, શ્રી સુભાષચંદ્ર અગ્રવાલ એડિશનલ ડીજીએફટી ન્યુ દિલ્હી, શ્રી એ. બિપિન મેનન એડિશનલ ડીજીએફટી ન્યુ દિલ્હીને પત્ર પાઠવી નોન - પ્રેફરેન્શિયલ સર્ટિફિકેટ ઓફ ઓરિજીન ઓનલાઇન તથા ઓફલાઇન ચાલુ રાખવા બાબત કરવામાં આવેલ રજૂઆત.

૨૦/૦૧/૨૦૨૫ શ્રી ડેપ્યુટી કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન, શ્રી સુપ્રિન્ટેન્ડન્ટ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન, શ્રી એડિશનલ ચીફ સેક્રેટરી રેવન્યુ ડિપાર્ટમેન્ટ ને જંત્રીના દરો અંગે મોકલવામાં આવેલ સૂચનો.

૨૧/૦૧/૨૦૨૫ શ્રી ડી.એન. મોદી કમિશ્નરશ્રી જામનગર મહાનગર પાલિકા, શ્રી વિનોદભાઇ ખીમસૂર્યા મેયરશ્રી જામનગર

મહાનગર પાલિકા તથા શ્રી નિલેષભાઈ કગથરા ચેરમેનશ્રી સ્ટેન્ડિંગ કમિટી જામનગર મહાનગર પાલિકાને ટાઉન હોલના નવિનીકરણ તથા પાર્ક કોલીની ખાતે બનાવવામાં આવેલ ગાર્ડન અંગે તથા શહેરના વિકાસ કાર્ય બાબત અભિનંદન પાઠવવામાં આવેલ.

૨૧/૦૧/૨૦૨૫ રિજિનલ મેનેજરશ્રી સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા પત્ર પાઠવી પટેલ કોલોની શાખા ખાતે જરૂરિયાત મુજબ સ્ટાફ નિમણૂંક કરવામાં આવેલ રજૂઆત.

## :: મિટિંગ ::

૨૩/૧૧/૨૦૨૪ સંસ્થાની કારોબારી સમિતિની ૦૮(આઠ) મી બેઠક સાંજના ૫.૦૦ કલાકે યોજાયેલ હતી.

૧૪/૧૨/૨૦૨૪ સંસ્થામાં શનિવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સાયબર સિક્યોરિટી તથા ડ્રગ્સ વિરોધી સેમિનાર યોજવામાં આવેલ.

૩૧/૧૨/૨૦૨૪ સંસ્થાની કારોબારી સમિતિની ૦૯(નવ) મી બેઠક સાંજના ૫.૦૦ કલાકે યોજાયેલ હતી.

૦૬/૦૧/૨૦૨૫ સંસ્થાની ઈન્કમટેક્ષ એન્ડ કોર્પોરેટ લોઝ પેનલ, ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (સ્ટેટ) પેનલ, કસ્ટમ એન્ડ સેન્ટ્રલ જીએસટી પેનલ, કેપિટલ માર્કેટ પેનલ તથા ફાયનાન્સ એન્ડ બેંકિંગ પેનલની સંયુક્ત બેઠક પ્રિ-બજેટ મેમોરેન્ડમ તૈયાર કરવા યોજાયેલ હતી.

# ધી કોમર્શીયલ કો–ઓપરેટીવ બેંક લિમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : ૬ઠે માળે, અંજારીયા ચેમ્બર્સ, કે.વી.રોડ, જામનગર–૩૬૧ ૦૦૧
e -mail: adm@cocobankjamnagar.in Phone : 0288-2550290/2510501

**૮ શાખાઓ**

**બેંકની નાણાંકીય સ્થિતિ તા. તા.૩૧–૦૧–૨૦૨૫ (અન–ઓડિટેડ )** (રૂા.લાખમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | રૂા. ૧૭૪.૩૨ | રોકાણો | રૂા. ૨૧,૧૦૦.૪૭ |
| રિઝર્વ ફંડ | રૂા. ૬,૬૪૧.૭૮ | ધિરાણો | રૂા. ૨૧,૯૪૯.૩૭ |
| થાપણો | રૂા. ૩૭,૫૯૮.૧૧ | ચોખ્ખો નફો (૩૧–માર્ચ–૨૦૨૪) | રૂા ૬૭૦.૩૬ |
| નેટ એન.પી.એ. – **0.00 %** | | | |

**બેંકની વિવિધ ધિરાણ સવલતો:** (રૂા.લાખમાં)

| | | | |
|---|---|---|---|
| હાઈપોથીકેશન અથવા પ્લેજ | રૂા.૬૫૦ | ઔધોગીક શેડ બાંધકામ માટે | રૂા. ૬૫૦ |
| સ્થાવર મિલ્કત સામે ધીરાણ | રૂા.૫૦૦ | નવી મશીનરી ખરીદવા માટે | રૂા. ૬૫૦ |
| માર્ગ અને જળ પરિવહનના સાધનો માટે | રૂા. ૫૦૦ | બિલ્સ પરચેઈઝડ | રૂા. ૮ |
| ઘર/ફ્લેટ ખરીદવા માટે | રૂા. ૧૪૦ | સોના સામે ધિરાણ: | |
| એજ્યુકેશન લોન | રૂા. ૫ | સભાસદ માટે | રૂા. ૫ |
| બુક–ડેબ્સ સામે ધિરાણ | રૂા. ૫ | નોમિનલ સભાસદ માટે | રૂા. ૧ |
| ઘર ઉપયોગી ચીજો માટે | રૂા. ૧૦ | એન.એસ.સી. સામે ધિરાણ | |

**એ. ટી. એમ.– ડેબીટ કાર્ડ ✧ મોબાઈલ બેન્કીગ અને U.P.I. ✧ લોકરની સુવીધા**

**વ્યાજના દરો**

| **ડીપોઝીટના વ્યાજના દર તા.૦૧–૧૧–૨૦૨૩થી** | | **ધિરાણના વ્યાજના દર તા.૦૧–૧૧–૨૦૨૩થી** | |
|---|---|---|---|
| ➢ ૩૦ દિવસથી ૯૦ દિવસ | ૩.૫૦ % | ➢ હાઉસીગ લોન | ૮.૫૦% |
| ➢ ૯૧ દિવસથી ૧૭૯ દિવસ | ૪.૦૦% | ➢ કાર લોન | ૮.૫૦% |
| ➢ ૧૮૦ દિવસથી ૩૬૪ દિવસ | ૫.૨૫% | ➢ સી.સી–હાઈપોથીકેશન રૂા.૨૫ લાખ સુધી | ૮.૫૦% |
| ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી (સીની.સીટીઝનને ૦.૫૦% વધુ) | ૭.૫૦% | ➢ સી.સી–હાઈપોથીકેશન ૨૫ લાખથી ઉપર | ૯.૨૫% |
| ➢ ૨ વર્ષ થી ઉપર ૧૦ વર્ષ સુધી (સીની.સીટીઝનને૦.૫૦% વધુ) | ૭.૦૦% | ➢ સીકયો.ઓ.ડી. | ૯.૫૦%/૧૦.૦૦ % |
| ➢ સેવીંગ્ઝ ખાતામાં (વાર્ષિક) | ૩.૫૦% | ➢ મશીનરીઅને ઈકવીપમેન્ટ સામે ધિરાણ | ૯.૫૦% |
| ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી (જિમા એક કરોડ થી વધુ **રકમની એકજ નામની નોન કોલેબલ રસીદ ઉપર ૦.૨૫% વધુ વ્યાજ (શરતો આધીન)** | | પ્રોપર્ટી સામે | ૧૦.૫૦% |

**પ્રવિણચંદ્ર વી. ચોટાઈ**
**ચેરમેન**

**ડૉ.બીપીનચંન્દ્ર ટી. વાઘર**
**વાઈસ ચેરમેન**

| **બોર્ડ ઓફ ડાયરેકટર્સ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ** | | |
|---|---|---|
| શ્રી જીતેન્દ્રકુમાર એસ.શાહ | શ્રી જયંતીલાલ એસ. ચંદરીયા | શ્રી જીતેન્દ્ર એચ.લાલ |
| શ્રી કેતનકુમાર એન.માટલીયા | શ્રી વિઠ્ઠલદાસ આર.માકડીયા | શ્રી વિજય કે. સંઘવી |
| શ્રીમતી ભારતીબેન એચ.પટેલ | શ્રીમતી અસ્મીતાબેન એચ.શાહ | શ્રી જમનાદાસ એસ. સીલાણી |
| શ્રી વિવેકભાઈ એ. ગાંધી<br>**પ્રોફેશનલ ડાયરેકટર** | શ્રી ધવલભાઈ કે.શાહ<br>**પ્રોફેશનલ ડાયરેકટર** | શ્રી સુરેશ ડી.રાયઠઠ્ઠા<br>**જનરલ મેનેજર & CEO** |
| શ્રી ભાવીનભાઈ એસ.કામદાર<br>BOM-સભ્ય | શ્રી જયંતીલાલ પી.ઝાખરીયા<br>BOM-સભ્ય | શ્રી ખુશ્બુબેન આર.ઠકકર<br>BOM-સભ્ય |

# આ ૧૦ ટિપ્સ તમને સાઈબર ફ્રોડથી બચાવશે

**સાઈબર ગુનાઓ ઝડપથી વધી રહ્યા છે... સ્કેમર્સનું સૌથી મોટું હથિયાર ધમકી અને લાલચ છે. આ પ્રકારના ગુનાથી બચવા માટે તમારી સાવચેતી સૌથી જરૂરી અને મોટો ઉપાય છે. આજે જાણો એ ૧૦ મહત્ત્વની વાતો જે તમને સાઈબર છેતરપિંડીથી બચાવી શકે છે. જણાવી રહ્યા છે ટેક એન્ડ સાઈબર એક્સપર્ટ પ્રવાલ શર્મા.**

**૧. દશ આંકડાના સામાન્ય નંબરથી બેન્ક કોલ આવતા નથી.**

- ધમકી આપતો કોઈપણ કોલ આવે ત્યારે જુઓ કે ક્યા નંબરથી કોલ આવ્યો છે. બેન્ક ૧૦ આંકડાના સામાન્ય મોબાઈલ નંબરથી કોલ કરતી નથી. આવા કોઈ કોલ પર બેન્ક/કાર્ડની અંગત માહિતી ન આપો. કોઈ બેન્ક, સરકારી કે બિન સરકારી સંસ્થા કોઈપણ પ્રકારની નોટીસ વ્હોટ્સએપ કે ટેલીગ્રામ જેવા પ્લેટફોર્મ પર મોકલતી નથી. બેન્કના કોલમાં મોબાઈલ નંબર ૧૬૦ થી શરૂ થાય છે.

**૨. જાહેર સ્થળો પર બેન્ક આઈડીકે પાસવર્ડ ટાઈપ ન કરો.**

- જો ઈમેઈલ, મેસેજ કે ફોન આવે છે તો તેની તપાસ માટે કાયદેસરની વેબસાઈટ કે નંબર પર સંપર્ક કરો. એરપોર્ટ, શોપિંગ મોલ જેવા સ્થળો પર પબ્લિક વાઈફાઈનો ઉપયોગ કરતા સમયે ઈન્ટરનેટ બેન્કિંગ લેપટોપમાં લોગઈન ન કરો. આવા સ્થળો પર યુઝરનેમ અને પાસવર્ડ ટાઈપ ન કરો. અહીં બેન્ક એકાઉન્ટ હેક થઈ શકે છે. તમે ફેસ આઈડી કે ફિંગરપ્રિન્ટ દ્વારા લોગઈન કરી શકો છો.

**૩. સોશિયલ મીડિયા પ્રોફાઈલને 'પ્રાઈવેટ' મોડ પર રાખો.**

- પોતાની સોશિયલ નેટવર્કિંગ પ્રોફાઈલને MUST BE SET TO PRIVATE પર સેટ કરો. સોશિયલ મીડિયા પર સંવેદનશીલ માહિતી જેમકે પોતાનું આખું નામ, જન્મતારીખ, લિંગ, શહેર, ઈમેઈલ આઈડી, સ્કૂલનું નામ, કામકાજનું સ્થળ અને વ્યક્તિગત તસ્વીરો શેર કરતા સમયે સાવચેત રહો. આ માહિતી એકત્રિત કરીને તમારી સાથે છેતરપિંડી થઈ શકે છે.

**૪. પાસવર્ડમાં વેરિયેશન રાખો.. બાયોમેટ્રિકનો ઉપયોગ કરો.**

- સ્કેમર્સ તમારા ઈમેઈલ યુઝરનેમ અને પાસવર્ડને શોધવાનો પ્રયાસ કરે છે. તમારા દરેક ઈમેઈલ એકાઉન્ટ, સોશિયલ મીડિયા એકાઉન્ટ, બેન્ક એકાઉન્ટ માટે અલગ-અલગ પાસવર્ડ હોવા જોઈએ. પાસવર્ડમાં જન્મતારીખ, પરિવારના લોકોના નામ ન હોવા જોઈએ. જ્યાં શક્ય હોય બાયોમેટ્રિક લોક લગાવો. સિસ્ટમ અને એપમાં ટૂ ફેક્ટર ઓથેન્ટિકેશન રાખો.



## સાઈબર ફ્રોડની ફરિયાદ અહી નોંધાવી શકો

**તમારી સાથે થયેલી સાઈબર છેતરપિંડીની ફરિયાદ**

**https://cybercrime.gov.in**

**પર કરી શકો છો. તમે રાષ્ટ્રીય સાઈબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલની હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર પણ ફોન કરી શકો છો.**

**સાઈબર સુરક્ષાની આ વિશેષ સામગ્રી તમારા મોબાઈલમાં વાંચવા માટે આ QR કોડ સ્કેન કરો.**

**૫. ઝિપ અને ક્યુઆર કોડથી પણ સિસ્ટમ હેક થઈ શકે**

ક્યારેય ઈમેઈલ, વ્હોટ્સએપ, મેસેજ કે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલી લિન્ક પર ક્લિક ન કરવી. ક્યુઆર કોડ સ્કેન કરતા પહેલા પણ સાવચેત રહો. એ તમને ફિશિંગ લિન્ક

તરફ લઈ જઈ શકે છે. અજાણ્યા ઈમેઈલ દ્વારા મળેલી ઝિપ ફાઈલને પણ ક્યારેય ખોલવી નહીં. તેના દ્વારા તમારો ફોન કે લેપટોપ હેક થઈ શકે છે.

**૬. સ્પેમ ફોરવર્ડ ના કરો... સ્કેમર તેમાંથી પણ માહિતી એકત્રિત કરી શકે છે.**

- જો ઈમેઈલ, વ્હોટ્સએપ કે મેસેજ મોકલનારાને તમે વ્યક્તિગત રીતે જાણના નથી, તો આ પ્રકારના સ્પેમ ઈમેલ ફોરવર્ડ ના કરો. પછી તે સુવિચાર હોય, કોઈ ફની જોક્સ, ફોટો, રેસિપી કે કોઈ રોચક માહિતી કેમ ન હોય. આ ઈમેઈલ ફ્રોડ હોઈ શકે છે. તેના દ્વારા સ્કેમર એ તમામ લોકોના ઈમેઈલ કે માહિતી એકઠી કરી શકે છે. જેની સાથે તમે શેર કરો છો.

**૭. કંપની ડોમેન નેમ કે બ્લ્યૂટિક દ્વારા ઈમેઈલની કાયદેસરતા ચકાસો**

- કોઈ ખુદને કોઈ મોટી કંપનીનો પ્રતિનિધિ જણાવીને તમને ઈમેઈલ કરે તો તેનો આઈડી ચકાસો. પર્સનલ ઈમેઈલથી અજાણ્યા મેઈલ કંપનીના હોતા નથી. મોટી કંપનીઓના પ્રતિનિધિ કંપની ના ડોમેન નામથી જ ઈમેઈલ કરે છ. જેમાં @ ચિહ્ન પછી કંપનીનું નામ હોય છે. જીમેઈલ પર બ્લ્યૂટિક થી પણ ઓળખની પુષ્ટિ થાય છે. ઈમેઈલ આઈડી સાથે બ્લ્યૂટિક હોવું કાયદેસરતા સુનિશ્ચિત કરે છે.

**૮. ક્વિઝમાં જોડાતા પહેલાં કરાવનારાની માહિતી ચકાશો**

- સર્વે કે ક્વિઝમાં ભાગ લેતા પહેલાં સાવચેત રહો. કેટલાક સર્વે અને ક્વિઝ તમારી પર્સનલ માહિતી એકત્રિત કરવા માટે ડિઝાઈન કરેલા હોય છે. ત્યારપછી આ માહિતી વેચી શકાય છે તેના માધ્યમથી તમારા મોબાઈલમાં સોફ્ટવેર કે ટ્રેકિંગ કૂકીઝ ડાઉનલોડ થઈ શકે છે. સર્વે કોણ કરી રહ્યું છે અને તમારી માહિતી કેમ માગી રહ્યો છે એની ખાતરી કરો.

**૯. ડેબિટ કે ક્રેડિટ કાર્ડમાં બિનઉપયોગી ફીચર બંધ રાખો**

- ક્રેડિટ કે ડેબિટ કાર્ડની ડેઈલી લિમિટ સેટ કરી શકો છો. કાર્ડના કેટલાક બિનઉપયોગી ટ્રાન્ઝેક્શન બંધ રાખી શકો છો. જેમકે, ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન, ટેપ ટુ પે, ઓનલાઈન ટ્રાન્ઝીક્શન, પણ બંધ કરી શકો છો. આ પ્રકારનું સેટિંગ ડિટેઈલ્સ ચોરી થયા બાદ પણ તમને નુકસાનથી બચાવી શકે છે. તમારી સાથે કોઈપણ સ્કેમ થાય તો બેન્માં રિપોર્ટ કરો.


**૧૦. બાળકોને પણ સાઈબર સિક્યોરિટી માટે સાવચેત રાખો.**

- ૧૩ વર્ષથી નાની વયના બાળકોને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ, આઈટ્યુન્સ કે અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર મંજૂરી નથી. બાળકોના ડિવાઈસમાં કન્ટેન્ટ ફિલ્ટર કરો. તમારા બાળકો ને સ્નેપચેટ જેવી એપ્સનો ઉપયોગ કરવા ન દો. આ એપ પોસ્ટ તરત જ દૂર કરી દે છે. અહીં તમે બાળકોની ઓનલાઈન ગતિવિધિ ને દેખરેખ રાખી શકતા નથી.



વોટ્સએપમાં ઈમેજની સચ્ચાઈની પરખ કે વધુ માહિતી માટે ઈમેજ વિશે સર્ચ કરવાની સુવિધા આવી રહી છે

# વોટ્સએપમાં રિવર્સ ઈમેજ સર્ચની નવી સુવિધા




વોટ્સએપમાં ગૂગલની મદદથી એક નવી સુવિધા ઉમેરાઇ રહી છે - રિવર્સ ઈમેજ સર્ચ. આ સુવિધા વિશે વધુ જાણતાં પહેલાં ‘આ રિવર્સ ઈમેજ સર્ચ’ શું છે એ વિશે થોડી વાત કરી લઈએ. સામાન્ય રીતે આપણે ગૂગલ કે બિંગ કે અન્ય કોઇ સર્ચ એન્જિનમાં શબ્દો ટાઇપ કરીને સર્ચ કરીએ છીએ પરંતુ આધુનિક સર્ચ એન્જિન્સમાં ઈમેજથી પણ સર્ચ કરી શકાય છે.

આ કામ બે રીતે થઇ શકે. એક આપણે ગૂગલ જેવી સર્વિસમાં ‘લેન્સ’ ફીચરની મદદથી કોઇ વસ્તુનો ફોટોગ્રાફ લઈએ અથવા કોઇ ઈમેજ સર્ચ એન્જિનમાં અપલોડ કરીએ એ સાથે ગૂગલ એ ઈમેજ વિશે વધુ ખાખાંખોળાં કરીને તેના વિશે ઢગલાબંધ માહિતી શોધી આપે છે. ગૂગલ સર્ચ એન્જિનમાં છેક ૨૦૧૧ થી આ સુવિધા ઉપલબ્ધ છે. આપણે તેનો ઉપયોગ ડેસ્કટોપ અને સ્માર્ટફોન બંનેમાં કરી શકીએ છીએ.

હવે વોટ્સએપમાં ઉમેરાયેલી સુવિધાની વાત કરીએ તો તેમાં રોજેરોજ આપણા પર પાર વગરની ઈમેજિસનો મારો થતો હોય છે. આમાંની મોટા ભાગની ઈમેજ ગુડમોર્નિંગ મેસેજ કે સુંદર સુવાક્યોની હોય પરંતુ ઘણી ઈમેજ ફોટોશોપ કે એઆઇની મદદથી ‘કરામત’ કરીને તૈયાર કરવામાં આવી હોય. આવી ઈમેજ શેર કરવાનો ઈરાદો આપણને ગેરમાર્ગે દોરવાનો હોય.


વોટ્સએપ પર સક્રિય અનેક લોકો આવી ઈમેજ સાચી હશે કે ખોટી એ વિશે કશું વિચાર્યા વિના તેને આડેધડ ફોરવર્ડ કરતા રહેતા હોય છે. ફેમિલી ગ્રૂપમાં આવું બને ત્યારે ગ્રૂપમાંની કોઇ સજાગ વ્યક્તિ એ ઈમેજની વિશે રિવર્સ સર્ચ કર્યા પછી એ ઈમેજની હકીકત તરફ સૌનું ધ્યાન દોરે. એ માટે એ વ્યક્તિએ વોટ્સએપમાંની ઈમેજ ડાઉનલોડ કરીને તેને અલગથી ગૂગલ કે બિંગ જેવા સર્ચ એન્જિનમાં અપલોડ કરીને તેને રિવર્સ સર્ચ કરવાની જહેમત કરવી પડે.

હવે એ કામ વોટ્સએપમાં જ એક-બે ક્લિકમાં થઇ શકશે.

વોટ્સએપમાં આવેલી કોઇ પણ ઈમેજ વિશે આપણે વધુ માહિતી જાણવી હોય તો આપણે એ ઈમેજ ઓપન કરવાની રહેશે. પછી ઉપર જમણા ખૂણે ત્રણ ડોટ પર ક્લિક કરતાં ખૂલતા મેનૂમાં ‘સર્ચ ઓન વેબ’ વિકલ્પ પસંદ કરવાનો રહેશે (હજી તમને આ વિકલ્પ ન દેખાય તેવું બની શકે છે). આથી બ્રાઉઝરમાં એ વિશે સર્ચ થશે. એ ધ્યાન આપવા જેવું છે કે આ રીતે રિવર્સ ઈમેજ સર્ચ કરતાં ગૂગલ ફક્ત તેના જેવી જ બીજી ઈમેજ બતાવે અને વધુ માહિતી ન આપે એવું પણ બની શકે છે !

# નોલેજ કોર્નર

**ટેકનોલોજીના ઉપયોગથી સંતોષ માનવાને બદલે, થોડું વધુ જાણીએ**




## ઓન-ડિવાઈસ અને ઓફ-ડિવાઈસ પ્રોસેસિંગ એટલે શું ?

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ના નવા સમયમાં આપણે હવે બે શબ્દો ખાસ સાંભળવાના છીએ - ‘ઓન-ડિવાઇસ પ્રોસેસિંગ’ અને ‘‘ઓફ-ડિવાઇસ પ્રોસેસિંગ’ આમ તો બંને ટેક-ટર્મના અર્થ તેમના નામમાં જ સમાયેલા છે. જેનું પ્રોસેસિંગ આપણા ફોનમાં જ થાય તે ઓન-ડિવાઇસ પ્રોસેસિંગ અને પ્રોસેસિંગ ડિવાઇસની બહાર થાય તે ઓફ-ડિવાઇસ પ્રોસેસિંગ. પરંતુ આનો અર્થ એક્ઝેટલી શું થયો ?

આપણા ડેટાનું ડિવાઇસની બહાર પ્રોસેસિંગ થાય તો તેમાં પ્રાઇવસી સંબંધિત જોખમો ઊભાં થાય છે. સાવ સાદું ટાસ્ક હોય તો તેનું પ્રોસેસિંગ આપણા ડિવાઇસમાં જ થઈ શકે, જેમ કે આપણે કાંઇ ફોટોગ્રાફ લઇએ અને તે ડિવાઇસમાં સ્ટોર થાય તેમાં ડિવાઇસ બહારના કોઈ સોફ્ટવેર કે સિસ્ટમની મદદની જરૂર હોતી નથી. પરંતુ ફોટો કેપ્ચર કર્યા પછી આપણે તેમાં કંઇક સુધારો કરવા ઇચ્છતા હોઇએ તો આ પ્રકારનું ફોટો એડિટિંગ એઆઈ ટૂલ્સની મદદથી થઇ શકે. એ માટે ફોટો ડિવાઇસમાંથી ક્લાઉડ માંના સર્વરમાં લઇ જવો પડે, ત્યાં તેનું એઆઇ એડિટિંગ થાય અને પછી એ ફોટોગ્રાફ ફરી આપણને ઉપલબ્ધ થાય. આ કામ ઓફ ડિવાઇસ પ્રોસેસિંગ થયું. તેમાં આપણો ફોટોગ્રાફ સર્વરમાંથી લીક થવાનું જોખમ રહે.

આથી ટેકનોલોજી કંપનીઓ પ્રાઇવસી લેવલ વધારવા માટે વધુ ને વધુ પ્રમાણમાં ઓન ડિવાઇસ પ્રોસેસિંગ શક્ય બનાવવાની કોશિશ કરી રહી છે. ફોટો એડિટિંગ ઉપરાંત અન્ય ઘણી બધી રીતે એઆઇની મદદથી આપણું કામ સહેલું થાય છે. પરંતુ એઆઇ માટે મોટા ભાગે વિરાટ પ્રમાણમાં ડેટા અને પ્રોસેસિંગ પાવર જરૂરી હોય છે. એ બધું ડિવાઇસમાં જ સામેલ કરવું મુશ્કેલ હોય છે. તેમ છતાં ટેક કંપનીઓ આ દિશામાં હવે ઘણી આગળ વધી રહી છે.

# સ્માર્ટ વર્ક

**રોજબરોજનાં કામકાજ જરા જુદી કરી જુઓ**



## કમ્પ્યૂટરના પાવર યૂઝર હો તો ડબલ મોનીટર સેટઅપ કરી જુઓ

તમે કમ્પ્યૂટરના પાવર યૂઝર છો ? તમે મલ્ટિ ટાસ્કિંગ કરો છો ? મલ્ટિ ટાસ્કિંગ બે પ્રકારનું હોય શકે. એક, એક સાથે બિલકુલ અલગ અલગ પ્રકારનાં કામ કરવાં અને બીજું એક - બે પ્રોગ્રામનો એક સાથે ઉપયોગ કરવો.

જેમ કે તમારે એક તરફ ઇન્ટરનેટમાં બ્રાઉઝિંગ કરવાનું થાય અને તેમાંથી મળતી માહીતી વડે જેવા પ્રોગ્રામમાં ટપકાવવાની હોય. અથવા એક્સેલમાં ડેટા ટેબલ તપાસીને તેની વિગતો પાવર પોઇન્ટમાં ઉમેરવાની હોય. તમે આવું બધું કામ સતત કરતા હો તો તમે કોમ્પ્યુટરના પાવર યૂઝર પણ ખરા અને મલ્ટિ ટાસ્કિંગ કરનારા પણ ખરા.

સામાન્ય સંજોગોમાં એકથી વધુ પ્રોગ્રામમાં કામ કરવા માટે આપણે કમ્પ્યૂટરમાં જુદા જુદા પ્રોગ્રામ ઓપન કરીએ અને પછી ઓલ્ટર ટેબ કી ની મદદથી વારંવાર અલગ અલગ વિન્ડો ઓપન કરી તેમાંના પ્રોગ્રામની વિગતો તપાસતા રહેવું પડે.

બીજો રસ્તો એકસાથે બે વિન્ડો ઓપન કરી તેને બાજુબાજુમાં ગોઠવીને કામ કરવાનો છે. આ રસ્તો ચોક્કસપણે વધુ સહેલો બને પરંતુ જો તમે લેપટોપ પર કામ કરતા હો તો આ રીતે કામ કરવા માટે તેનો સ્ક્રીન નાનો પડે.

જો બજેટનો પ્રોબ્લેમ ન હોય તો તમે બીજો એક મોનિટર લઇને તેને લેપટોપ સાથે કનેક્ટ કરી જુઓ.

લેપટોપ માં એચડીએમઆઇ પોર્ટ હશે તો તેમાં બીજું મોનિટર કનેક્ટ કરવું બહુ સહેલું છે. એ રીતે તમે લેપટોપ સ્ક્રીન અને સાથે કનેક્ટ કરેલા બીજા મોનિટર પર બે અલગ અલગ પ્રોગ્રામ ઓપન કરીને બંનેમાં બહુ સહેલાઇથી કામ કરી શકશો.

ઘણા લોકો એક સાથે ચાર-ચાર મોનિટરના સેટઅપ સાથે કામ કરતા હોય છે. તમે ફક્ત બે મોનિટરથી ટ્રાય કરી જુઓ. એફિસિયન્સી ઘણી વધી જશે !

# બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ માટે વાલીની મંજૂરી ફરજિયાત

## સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શનના સૂચિત નિયમો જાહેર કર્યા : જોકે નિયમોના ઉલ્લંઘન બદલ કોઈ દંડની કોઈ જોગવાઈ નથી




સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શનના બહુપ્રતિક્ષિત નિયમોનો મુસદ્દો જારી કર્યો છે. સૂચિત નિયમો મુજબ ઇ-કોમર્સ, સોશિયલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ જેવી કંપનીઓએ વ્યક્તિગત ડેટા એકત્ર કરવા કે ઉપયોગ કરવા માટે સંમતિ મેળવવી પડશે. બાળકોના ડેટાના સંદર્ભમાં માતાની મંજૂરી લેવી પડશે. જોકે નિયમોના ઉલ્લંઘન બદલ કોઈ દંડાત્મક કાર્યવાહીનો ઉલ્લેખ કરાયો નથી. બાળકો કોઈપણ એકાઉન્ટ બનાવે તે પહેલાં માતાપિતાની વેરિફિકેશન સહિતની યોગ્ય સંમતિ સોશિયલ મીડિયા અથવા ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા મેળવવાની રહેશે.

લગભગ ૧૪ મહિના પહેલા સંસદે ડિજિટલ ડેટા પ્રોટેક્શન બિલ ૨૦૨૩ને મંજૂરી આપ્યા બાદ ડ્રાફ્ટ નિયમો જારી કરાયા છે. ડ્રાફ્ટ નિયમો જાહેર પરામર્શ માટે પ્રકાશિત કરવામાં આવ્યા છે, તેને ૧૮ ફેબ્રુઆરી પછી અંતિમ નિયમ બનાવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. નિયમોના મુસદ્દા મુજબ કોઈપણ વ્યક્તિના કોઈપણ સ્વરૂપે ડેટાનો ઉપયોગ કરવા માટે સ્પષ્ટ સંમતિ લેવી પડશે. બાળકોના કિસ્સામાં તેમના માતાપિતાની મંજૂરી ફરજિયાત કરાઇ છે. સરકારે આવી મંજૂરી મેળવવા માટેના વ્યવસ્થાતંત્રની વિગતો પણ આપી છે.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ધારામાં ૨૦૨૩ વ્યક્તિ-ગત ડેટાને એકત્ર કરતી અને તેનો ઉપયોગ કરતા એકમોને ડેટા ટ્રસ્ટી તરીકે વર્ણવવામાં આવ્યાં છે. ઇ-કોમર્સ, સોશિયલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ ડેટા ટ્રસ્ટીઓની કેટેગરીમાં આવશે. નિયમોના મુસદ્દામાં જણાવાયું છે કે ડેટા ટ્રસ્ટીએ બાળકના કોઇપણ વ્યક્તિગત ડેટાનું પ્રોસેસિંગ કરતાં પહેલા માતા-પિતાની ચકાસી શકાય તેવી સંમતિ મેળવવી પડશે. આ પ્રક્રિયા માટે ડેટા ટ્રસ્ટીઓએ યોગ્ય ટેકનિકલ અને સંસ્થાકીય પગલાંનો અમલ કરવો પડશે. બાળકના માતા-પિતા તરીકે પોતાની જાતને ઓળખાવનાર વ્યક્તિ પુખ્ત છે કે નહીં તે તપાસવા માટે ડેટા ટ્રસ્ટીઓ યોગ્ય મૂલ્યાંકન કરવું પડશે.

આ ઉપરાંત ભારતમાં કોઇપણ કાયદાના પાલન સંબંધે જરૂર પડે ત્યારે તે વ્યક્તિને ઓળખ આપવી પડશે. સૂચિત નિયમો મુજબ ડેટા ટ્રસ્ટીઓ એટલા સમય માટે ડેટા રાખી શકશે કે જેના માટે સંબંધિત વ્યક્તિની સંમતિ મેળવી છે. આ પછી ડેટાને ડિલિટ કરવાના રહેશે. ડ્રાફ્ટ નિયમોમાં DPDP એક્ટ, ૨૦૨૩ હેઠળ મંજૂર કરાયેલા દંડનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ધારામાં વ્યક્તિગત ડેટાના ભંગના કિસ્સામાં ડેટા ટ્રસ્ટીઓ પર ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો દંડ લાદવાની જોગવાઇ છે. આ ડ્રાફ્ટ જાહેર ટિપ્પણીઓ માટે MyGov વેબસાઇટ ઉપલબ્ધ છે. ડ્રાફ્ટ નોટિફિકેશનમાં જણાવાયું હતું કે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩ ની કલમ ૪૦ની પેટાકલમ (૧) અને (૨) હેઠળના સત્તાનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકાર સૂચિત નિયમનો ડ્રાફ્ટ પ્રકાશિત કરશે.

# ઈન્કમ ટેક્સ નોટિસથી દૂર રહેવા રાખો આર્થિક વ્યવહારોમાં સાવચેતી




**કહેવાય છે ને After all prevention is better than Cure !!**

ઈન્કમ ટેક્સ હેઠળ નોટિસ આવે ત્યારે વ્યક્તિ તાણ અનુભવતો હોય છે તે સામાન્ય બાબત છે. એક ટેક્સ એડવોકેટ તરીકેની પ્રેક્ટિસ દરમ્યાન અમારી સામે અવારનવાર એવા કેસ આવતા હોય છે જ્યાં ઈન્કમ ટેક્સ નોટિસ આવવાના કારણે વ્યક્તિએ ખાવા-પીવાનું તથા આરામ છોડી દેધેલ હોય. ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક ભૂલો એવી હોય છે જે થઇ જાય પછી તેનો કોઇ ઈલાજ નથી અને આ ભૂલો વ્યક્તિઓ માટે ખૂબ મુશ્કેલ સાબિત થતી હોય છે. આજે આ લેખમાં એવી ભૂલો વિષે સામાન્ય લોકોને માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સ હેઠળ અલગ અલગ પ્રકારની નોટિસ આપવામાં આવતી હોય છે. પરંતુ આકારણી તથા ફેર આકારણીની નોટિસો ઈન્કમ ટેક્સ અન્વયે સૌથી ગંભીર નોટિસો ગણવામાં આવતી હોય છે. આ આકારણી અને ખાસ કરીને ફેર આકારણીની નોટિસ સામાન્ય રીતે એવા કરદાતાને આપવામાં આવતી હોય છે જેણે ઈન્કમ ટેક્સ હેઠળ અમુક એવા વ્યવહારો કર્યા છે જે વ્યવહારો અંગેની જાણ નિયત વ્યક્તિ/સંસ્થા દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને કરવી ફરજિયાત હોય છે. આવા વ્યવહાર કર્યા હોય અને જે તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન કરદાતા દ્વારા ભરી આપવામાં આવ્યું હોય તો નોટિસ આવવાની શક્યતા ઓછી રહેતી હોય છે. પરંતુ આ પ્રકારે નિયત વ્યવહાર કર્યા હોવા છતાં તે વર્ષ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવે ત્યારે ઈન્કમ ટેક્સ હેઠળ આકારણી/ફેરાકારણી માટેની નોટિસ કરદાતાને આપવામાં આવતી હોય છે. અગાઉ આકારણી વર્ષના છ વર્ષ સુધી ફેર આકારણી માટે ની નોટિસો આપવામાં આવતી હતી. આ સમય મર્યાદામાં સુધારો કરી ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ આ પ્રકારે ફેર આકારણીની નોટિસ આપવાની સમય મર્યાદા જે તે આકારણી વર્ષથી ત્રણ વર્ષ કરી આપવામાં આવે છે.

ઈન્કમ ટેક્સ ફેર અકારણીની નોટિસથી દૂર રહેવા નીચેના વ્યવહારો વિષે સમજણ મેળવવી ખૂબ જરૂરી છે.

એવા વ્યવહારો જેના કારણ`ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે.

૧. રોકડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમના ડ્રાફ્ટ કોઈપણ બેન્ક ખાતામાંથી નિકાળવામાં આવ્યા હોય. આ ઉપરાંત કોઇ એક ખાતામાં અથવા એકથી વધુ કરંટ એકાઉન્ટમાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરવામાં આવે અથવા રોકડ ઉપાડ કરવામાં આવ્યા હોય.

૨. ૧૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષમાં કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના (એટલે કે સેવિંગ બેન્ક, રિકરિંગ ખાતું વી.) કોઇ એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં જમા

કરવામાં આવી હોય.

૩. નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઇમ ડિપોઝિટ (ફિક્સ ડિપોઝીટ) કોઇ વ્યક્તિના એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં (બેન્ક/પોસ્ટ ઓફિસ વગેરેમાં) શરૂ કરવામાં આવે.

૪. ક્રેડિટ કાર્ડના બિલની ૧ લાખ કે તેથી વધુની રકમની રોકડમાં ચુકવણી કરાવામાં આવે અથવા ક્રેડિટ કાર્ડના બિલની નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ ચુકવણી કરવામાં આવે.

૫. કોઈ કંપનીના બોન્ડ અથવા ડિબેન્ચર માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ખરીદી માટે ચુકવણી કરવામાં આવે.

૬. કોઈ કંપનીના શેર ખરીદવા માટે નાણાકીય વર્ષમા ૧૦ લાખ કે તેથી વધુ રકમની ચુકવણી કરવામાં આવે.

૭. કોઇ પણ વ્યક્તિ પાસેથી કોઇ કંપની પોતાના શેર બાય-બેક કરે જેની ચુકવણી નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ કરવામાં આવી હોય.

૮. કોઇ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમના મ્યુચ્યુઅલ ફંડની ખરીદી કરવામાં આવી હોય.

૯. કોઇ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ મૂલ્યના ટ્રાવેલર્સ ચેકની ખરીદી કરવામાં આવે અથવા કોઇ આંતરરાષ્ટ્રીય કાર્ડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવેલ હોય.

૧૦. કોઇ વ્યક્તિ દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે ૩૦ લાખ કે તેથી વધુ રકમનો અવેજ ચૂકવવામાં આવ્યો હોય અથવા જે તેવી મિલ્કતની ખરીદી કરેલ હોય જેનું જંત્રીનું મૂલ્ય ૩૦ લાખ કે તેથી વધુ થતું હોય.

૧૧. કોઇ માલ કે સેવા માટે ૨ લાખથી વધુ રકમની ચુકવણી રોકડમાં કરવામાં આવે.

ઉપર જણાવેલ વ્યવહારો કોઇ વ્યક્તિ દ્વારા કરવામાં આવે ત્યારે તેને ઇન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે. મારા અંગત અનુભવ પ્રમાણે ઉપર પૈકી જે વ્યવહારોમાં સૌથી વધુ કરદાતાઓ દ્વારા ભૂલો થતી હોય છે તે વ્યવહારો વિષે વિગતવાર માહિતી આપવા નીચે પ્રયાસ કરવામાં આવ્યો છે.

### બેન્કના ખાતામાં કરાવવામાં આવતી મોટી રકમની ડિપોઝિટ :

### કરંટ ખાતા

સામાન્ય રીતે બેન્ક ખાતામાં મોટી રકમ જમા કરાવવાના કારણે અનેક નોટિસ ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આપવામાં આવતી હોય છે. કોઇ કરંટ ખાતામાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ જમા કરાવવામાં આવે અથવા ૫૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષ દરમ્યાન ઉપાડ કરાવવામાં આવે ત્યારે બેન્ક દ્વારા ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને જે તે વ્યક્તિના PAN અને વ્યવહારની માહિતી પૂરી પાડવાની થતી હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા તથા ઉપાડની રકમ એ તેના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઇ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઇ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની અમદાવાદ શાખાના પોતાના કરંટ ખાતામાં ૨૫ લાખ જમા કરાવે અને ત્યાર બાદ થોડા દિવસ પછી તે જ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના ઉનાના કરંટ ખાતા વધુ ૨૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ વ્યવહાર અંગે ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને જાણ કરવામાં આવશે.

### ફિક્સ ડિપોઝિટ

કોઇ વ્યક્તિ નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઇમ ડિપોઝિટ (જેને સામાન્ય રીતે ફિક્સ ડિપોઝિટ તરીકે ઓળખવામાં આવે છે) કરાવે ત્યારે આ અંગેની જાણ પણ બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને કરવામાં આવતી હોય છે. જો કે આ ફિક્સ ડિપોઝિટની રકમની ગણતરી કરવામાં જે ફિક્સ ડિપોઝિટ રિન્યૂ કરવામાં આવી હોય તેનો સમાવેશ કરવામાં આવશે નહીં.

### કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના ખાતા (સેવિંગ ખાતું, રિકરિંગ ડિપોઝિટ ખાતું વી.)

કોઈ વ્યક્તિ જ્યારે કરંટ ખાતા, ફિક્સ ડિપોઝિટ ખાતા સિવાયના ખાતામાં એટલે કે સેવિંગ્સ ખાતા જેવા ખાતામાં ૧૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરાવે ત્યારે આ અંગેની માહિતી જે તે બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને આપવામાં આવતી હોય છે. આ પ્રકારના ખાતાઓમાં સેવિંગ બેન્ક ખાતું (બચત બેન્ક ખાતુ), રિકરિંગ ડિપોઝિટ, કેશ ક્રેડિટ ખાતું (CC ખાતું), લોન ખાતું વગેરેનો સમાવેશ થતો હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા રકમ એ તે વ્યક્તિના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની અમદાવાદ શાખામાં ૫ લાખ જમા કરાવે અને ત્યારે બાદ થોડા દિવસ પછી એ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના સેવિંગ ખાતા વધુ ૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને આ વ્યવહારની જાણ કરવામાં આવશે.

### આ પ્રકારના વ્યવહાર થયેલ હોય તો શું તકેદારી લેવી છે જરૂરી ?

જ્યાં સુધી શક્ય હોય આ પ્રકારના વ્યવહારથી દૂર રહેવું જરૂરી છે. જો આ પ્રકારે કોઇ વ્યવહાર થયેલ હોય તો જે તે વર્ષ માટેનું ઈન્કમ ટેક્સ રિટર્ન અચૂક ભરી આપવું જોઇએ. આ રિટર્ન ભરવાં માટે કોઈ નિષ્ણાંત એટવોકેટ, CA કે ટેક્સ પ્રેક્ટીશનરની સલાહ લેવી ઉપયોગી બને. જો કોઈ જૂના વર્ષ માટે આ પ્રકારે વ્યવહાર થયેલ હોય જેના માટે રિટર્ન ભરવાની સમય મર્યાદા વીતી ગઈ હોય તેવા સંજોગોમાં ટેક્સ પ્રોફેશનલની સલાહ લઇ યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો કે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવ્યા હોય અને કરદાતા નિયમિત રીતે પોતાનું આવક વેરા રિટર્ન ભરતા હોય તો તેમને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આવા વ્યવહારો માટે પણ નોટિસો આવવાની સંભાવના ઓછી રહેતી હોય છે. આમ, આ પ્રકારના વ્યવહાર કરતાં વ્યક્તિઓએ ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવું જરૂરી છે. જે વ્યક્તિ ઈન્કમ ટેક્સ રિટર્ન નથી ભરતા તેઓના માટે ઉપરની વિગતો અંગેની માહિતી મેળવી આવા વ્યવહારથી દૂર રહેવું જ હિતાવહ છે. કહેવાય છે ને Prevention is better than Cure !!

(આ ઉપરાંત અમુક ખાસ વ્યવહાર છે જે કરવાથી કરદાતા દૂર રહે તે હિતાવહ છે. આ વ્યવહારોની માહિતી આગામી અંકમાં આપવામાં આવશે)



# GST હેઠળની વસુલાત સાથે સંકળાયેલ કેટલાક અગત્યના કાયદાઓની મહત્વની જાણકારી




**બેંકો પાસેથી લોન લેનાર દ્વારા લોનની શરતોનું પાલન ન થવાના કિસ્સામાં પીનલ ઈન્ટરેસ્ટ લેવામાં આવતું હતું હવે તેના ઉપર જીએસટી લાગશે નહીં**

આપણે જાણીએ છીએ કે ભલે વેચાણવેરામાંથી વેટ આવ્યો અને વેટમાંથી જીએસટી આવ્યો પરંતુ જે વસુલાતમાં કેટલાક અન્ય કાયદા છે તેમાં ખાસ કોઇ ફેરફાર થયેલ નથી. બીજું કે કર-પ્રણાલી સાથે સંલગ્ન અન્ય કાયદાઓમાં જે વસુલાતનો ક્રમ છે તે ઘણો અટપટો છે અને સમજવામાં ઘણા લોકોને મુશ્કેલી પડે છે. આજે આપણે કેટલીક પાયાની બાબતો GST ની દ્રષ્ટિએ જુદી પાડીને ક્રમાનુસાર જોઇએ.

- વસુલાત માટેની GST ની અગત્યની કલમો : ૭૮ થી ૮૪ છે અને

- GST ના અગત્યના નિયમો : ૧૪૨ થી ૧૪૭ સુધીના છે.

**અન્ય કાયદા કે સત્તાધીશો :** Companies Act, ૨૦૧૩ Companies Act, ૧૯૫૬ (some provisions of this Act still Apply), Competition Act 2002, Chartered Accountant Act, 1949, બેંક, Land Revenue Code, હિન્દુ વારસાઈ કાયદો, Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, ૨૦૦૨ (SARFAESI), Insolvency Bankruptcy Code, 2016 DRT, DRAT, The Sick Industrial Companies (Special Provisions) Act, 1985, Borad of Industrial and Financial Reconstruction (BIFR), Appellate Authority for Industrial and Financial Reconstruction (AAIFR), Liquidator, The Insolvency and Bankruptcy Board of India (IBBI), NCLT, NCLAT, The Recovery of Debts due to Banks and Financial Institutions Act (RDDBFI Act), 1993, Competition Commission of India (CCI) વગેરે.

**લેન્ડ રેવન્યુ કોડ :** તેની કલમ ૧૫૦માં નીચે જણાવેલ તબકકાથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલાત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧) કલમ ૧૫૨ નીચે બાકીદારને માગણાની નોટીસ આપવાની રહે છે.

(૨) કલમ ૧૫૩ નીચે બાકીદારની ખેતીની જમીન ટાંચ મુકવાની કાર્યવાહી.

(૩) કલમ ૧૫૪ નીચે બાકીદારની જંગમ મિલકત જપ્તીમાં લઈને હરાજી કરવી.

(૪) કલમ ૧૫૫ નીચે બાકીદારની સ્થાવર મિલ્કતની હરાજી કરવી.

(૫) કલમ ૧૫૬ નીચે બાકીદારની કઈ કઈ મિલકતો જપ્તીને પાત્ર નથી.

(૬) કલમ ૧૫૭ અને ૧૫૮ નીચે બાકીદારને પકડીને જેલમાં પુરવા.

(૭) કલમ ૧૬૮ અને ૧૭૦ નીચે perishable goods ની ઝપતી અને હરાજી થઈ શકે છે.

(૮) કલમ ૧૮૩ અનુસાર વેચાણમાં ઉપજેલી રકમ કઈ રીતે વહેચવી અને ખર્ચ કેમ ગણવો.

(૯) કલમ ૨૦૦ હેઠળ ગૃહ પ્રવેશની નોટીસે

(૧૦) અપસેટ કિંમત : સામાન્ય રીતે કોઈપણ મિલકતની હરાજી કરતા પહેલા તે મિલકતની અપસેટ કિંમત લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૨૮ નીચે નકકી કરવાની રહે છે.

ખુબ મોટા ફેરફાર : Insolvency Bankruptcy Code, ૨૦૧૬ નો અમલ તા : ૨૮.૫.૨૦૧૬ થી થયા બાદ કંપનીઓ અને LLP માટે NCLT અને NCLAT કામ કરે છે જયારે Individuals માટે તથા ભાગીદારી પેઢીઓ માટે DRT કાર્યરત છે. રેગ્યુલેટર તરીકે Insolvency & Bankruptcy Board of Indiaની રચના તા : ૧.૧૦.૨૦૧૬ થી કરવામાં આવેલ છે. આમ, અગાઉ જયાં adjudicator/appeallate તરીકે BIFR અને AAIFR હતા તે જગ્યાએ હવે NCLT અને NCLAT આવ્યા છે. હવે BIFR અને AAIFR કાર્યરત નથી.

આ નવો Code આવવાથી The Presidency Towns Insolvency Act, ૧૯૦૯, and the Provincial Insolvency Act, ૧૯૨૦, રદ થયેલ છે અને ૧૧ કાયદામાં સુધાર થયેલ છે જેમ કે The Companies Act, 2013, the Recovery of Debts Due to Banks and Financial Institutions Act, 1993, and the Securitisation and Reconstruction of FInancial Assets and Enforcement of Security Interest Act. 2002, જો કે IBC ની કલમ ૩(૭) મુજબ કોર્પોરેટ પર્સન માં Bank, Financial Institutions, Insurance Company, Asset Reconstruction Company, Mutual Funds, Collective Investment Schemes or Persion Funds નો સમાવેશ થતો ન હોઈ આ કોડ તેમને લાગુ પડતો નથી.

Bankruptcy એટલે શું ? એટલે કે એવી પરિસ્થિતિ કે કંપનીનું દેવું તેની મૂડી કરતાં વધી જાય અને કંપની પોતાનું દેવું ચૂકવી શકવાની સ્થિતિમાં ન હોય અને કોર્ટ દ્વારા તેને નાદાર જાહેર કરવામાં આવે.


જયારે Insolvency એટલે કંપનીની પેમેન્ટ કરવાની ક્ષમતા નથી પરંતુ હજી તે કાયદેસર નાદાર જાહેર થયેલ નથી. Insolvency બે પ્રકારની હોઈ શકે છે : Insolvency બે પ્રકારની હોઈ શકે છેઃ Cash Flow Insolvency અને Balance Sheet Insolvency.


અગત્યનો પરિપત્ર : ક્રમાંક ૧૮૭એ Insolvency and Bankruptcy Code, ૨૦૧૬ હેઠળ વેરાની જવાબદારી કઈ રીતે નકકી કરવી તે જણાવેલ છે. જયારે જીએસટી કાયદાની કલમ ૮૪ મુજબ કોઈ કરપાત્ર વ્યકિતને વેરો, વ્યાજ કે દંડ ભરવા માટેની માંગણાની નોટિસ બજાવવામાં આવેલ હોય અને ત્યારબાદ કરપાત્ર વ્યકિત દ્વારા અપીલ, ફેર તપાસ કે અન્ય કોઈ કાર્યવાહીના પરિણામે માંગણાની રકમમાં ઘટાડોથતો હોય તો તેની વસુલાત માટે નવી નોટિસ આપવાની રહેતી નથી.

પરંતુ DRC- ૨૫ માં થયેલ માંગણાની રકમમાં ઘટાડાની જાણ સંબંધિત કરપાત્ર વ્યકિતને કરીને અગાઉ બજાવવામાં આવેલ માંગણાની નોટિસના આધારે પડતર કાર્યવાહી આગળ વધારશે. ઉકત પરિપત્રમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે કેસોમાં કોર્પોરેટ debtor ને માંગણાની નોટિસ DRC-7 કે DRC-7A બજાવવામાં આવેલ હોય અને ત્યારબાદ Insolvency and Bankruptcy Code, ૨૦૧૬ મુજબ તેની સામે માંગણાની રકમમાં ઘટાડો થયેલ હોય તો જીએસટીના ફોર્મ DRC-25 માં કરપાત્ર વ્યકિતને જાણ કરવાની રહેશે. આ માટે માંગણાની નોટિસ નવેસરથી આપવાની કાર્યવાહી કરવાની રહેતી નથી. હવે જોઈએ ૫૫ મી જીએસટી કાઉનસીલની બેઠકની ફલશ્રુતિના અગત્યના મુદ્દા :

૧. જયારે કોઈ આદેશમાં માત્ર દંડ આકારવામાં આવેલ હોય ત્યારે તેની અપીલ ફાઈલ કરવાના કિસ્સામાં ડાઉન પેમેન્ટની રકમ ઘટાડવાની ભલામણ થયેલ છે.

૨. ઉચ્ચક દરે વેરો ભરતા નાના કરદાતાઓ માટે તારીખ ૧૦-૧૦-૨૪ થી દાખલ કરવામાં આવેલ રેન્ટિંગ ઓફ ઈનમુવેબલ પ્રોપર્ટી ઉપર લાગતા આરસીએમ માંથી મુકિત આપવાની ભલામણ કરવામાં આવેલ છે. તે જ રીતે જયાં સુધી આ બાબતનું જાહેરનામું ન થાય ત્યાં સુધી યથાવત સ્થિતિ મુજબ


SBI
The banker to every indian
STATE BANK OF INDIA
भारतीय स्टेट बैंक
yono SBI
SCORE MORE
AT A HIGHER RATE
Introducing
SBI Amrit Vrishti Deposit
for a tenor of 444 days
7.50 % P.A.
ANNUALISED YIELD
FOR ALL CUSTOMERS INCLUDING NRIs
8.05 % P.A.
ANNUALISED YIELD
FOR RESIDENT SENIOR CITIZENS ONLY
*T & C Apply
Valid upto : 31st March 2025
લોકર સુવિધા ઉપલબ્ધ છે
વહેલા તે પહેલાના ધોરણે
વધુ જાણકારી માટે તમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો અથવા
રવિ નાંઢા (CSRM) મો. : ૮૯૮૦૧૨૦૦૧૨ | E-mail : ravikumar.nandha@sbi.co.in


CARBONIC INDUSTRIES
MANUFACTURERS OF CO2 GAS
INDUSTRIAL GASES
O2
CO2
MULTIGASES
Ar
ARGON
N2
• CARBON DYOXIDE
• OXYGEN
• NITROGEN
• ARGON
• MULTIGASES
We are Refilling all these Industrial Gases With Best Rate.
+91 9904432321, +91 7984769517
carbonic@carbonicindia.com
www.carbonicindia.com
105-106, HAPA INDUSTRIAL ESTATE, OPP. JALARAM TEMPLE,
HAPA, JAMANAGAR, GUJARAT-361120



WE MAKE MOVES, SMOOTH

Since 1995

**30 Years** Experience in handling of all types of ferrous & non ferrous metals and metal scraps, like Brass, Aluminium, Copper, Zinc, Stainless Steel, Cast Iron, HMS etc...

We Make Moves, Smooth
Since 1995

# UNIQUE
## SPEDITORER PVT. LTD.

CUSTOMS BROKER, FORWARDING
SHIPPING AGENTS, STEVEDORING
PROJECT HANDLING, CUSTOMS BONDED &
NON-BONDED WAREHOUSE OWNER



# USPL INDIA

VELOCITY® GLOBAL LOGISTICS



## VELOCITY GLOBAL LOGISTICS PVT. LTD.

Global Freight Forwarders, Charters, Project Handling


REGD. OFFICE
1701, 17th Floor, Meraki Arena, Opp R.K. Studio,
Above Croma Store, Sion Trombay Road, Chembur,
Mumbai-400071. Tel : +91-22-69596300/304
PIC : Mr. Priyesh (M) +91 9819583283
Mr. Pragnesh (M) +91 9819333963
www.velocitygl.com

## REGISTERED / HEAD OFFICE

"UNIQUE HOUSE" Plot # 126, Sector # 1-A, Gandhidham (Kachchh) 370201, Gujarat.
Tel. : 02836- 237109 / 220180 / 228615 Mob. : +91-98250 23391 / +91 98252 11811
E-mail: pravin@usplindia.com / info@uniquegroupindia.com I www.usplindia.com

**Our Presence**

KANDLA PORT | MUNDRA PORT | ICD MORBI | AHMEDABAD (ICD SANAND, ICD KHODIYAR, ICD SACHANA, ICD VIRAMGAM, AIRPORT) | PIPAVAV PORT | VADODARA (ICD VARNAMA) | HAZIRA PORT | MUMBAI (NHAVA SHEVA, AIRPORT)
OVERSEAS OFFICE : CHINA, SPAIN, TURKEY


“આપનો સહકાર અમારી સેવા”
આપણી બેંક નવાનગર બેંક
THE NAWANAGAR CO-OPERATIVE BANK LTD. - JAMNAGAR
"Trusted Banking Partner"
Home Loans at just 8.50%*
Solar Rooftop Loans at just 8.50%*
Car Loans at Lowest Rates
ATTRACTIVE RATES OF Fixed Deposits
REGULAR RATES
7.25%
TENURE : 1-2 YEARS
SENIOR CITIZEN
7.75%
TENURE : 1-2 YEARS
Avail Easy Business Loans
• 24 x 7 x 365 NEFT/IMPS Transfers
• Utility Bill Payments via BBPS
• Email Statements available
• UPI for Quick & Easy Payments
• Free RuPay Debit Cards
• Tap & Pay at any POS Terminals
All Digital Banking Services are FREE to use...
Want to know your account Balance ?
Give a Missed Call on
70690 70900
Download our Mobile Banking App
‘Nawanagar Bank Mobile Banking’
Available on
Google Play
App Store
For more details, contact your nearest Nawanagar Bank Branch or Visit ‘www.nawanagarbank.co.in
Shri Pradipbhai K. Vadhar
Chairmen
Shri Chetanbhai V. Khattar
Vice Chairman

વેરાકિય ગણતરી કરવામાં આવશે.

૩. કલમ ૧૪૮ છે તે મુજબ આપણે જાણીએ છીએ કે ગુટકાને લગતા કર દાતાઓ માટે અલગ ફોર્મ દાખલ કરીને મશીન અને ઉત્પાદનની વિગતો પુરી પાડવા જણાવવામાં આવેલ છે હવે તે ઉપરાંત કેટલીક ચીજ વસ્તુઓમાં થતી કરચોરી અટકાવવા માટે જીએસટીના કાયદાની કલમ ૧૪૮-એ માં સરકારને એવી સત્તાઓ આપવામાં આવે કે જેનાથી 'ટ્રેક અને ટ્રેસ મિકેનિઝમ' શરૂ કરવામાં આવે અને જરૂર પડયે એવા ગૂડઝ પેકેટ ઉપર જેમાં કરચોરીની સંભાવના વધારે હોય તેમાં એક યુનિક આઈડેન્ફિકેશન માર્કિંગ લગાડવામાં આવે અને ત્યારબાદ તેને છેકથી છેક ટ્રેક કરવામાં આવે જેથી કરચોરોને પકડી શકાય અથવા તો કરચોરી ઘટાડી શકાય.

૪. સુપ્રીમ કોર્ટના સફારી રીટ્રીટસના ચુકાદાનો ચુકાદાનો લાભ નહિ મળે : નામદાર સુપ્રીમ કોર્ટે આ કેસ નામદાર ઓડીશા હાઈકોર્ટને રિમાન્ડ કરેલ અને શોપિંગ મોલના બાંધકામનો સમાવેશ કલમ ૧૭(૫)(ડી) મુજબ 'પ્લાન્ટ' માં થાય કે કેમ તે નકકી કરવા જણાવેલ. હવે તાજેતરની ૫૫મી જીએસટી કાઉન્સીલની બેઠકમાં ચર્ચા અને ભલામણ થયા મુજબ જીએસટીની કલમ ૧૭(૫)(ડી) માં ડ્રાફટીંગ તબકકે રહેલ ક્ષતિ જૂની તારીખ એટલે ૧.૭.૨૦૨૭ થી અમલી થાય તે રીતે દુર કરવાનું વિચારેલ છે. આમ, હવે કેટલાક વિવાદનો અંત આવશે. પરંતુ રીયલ એસ્ટેટના ધંધાર્થીઓને આ જોગવાઈ નહિ ગમે કારણ કે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ એક આશા જાગેલ હતી. પરંતુ હવે તેઓને પ્લાન્ટની વેરાશાખા મળવાપાત્ર નહિ થાય.

૫. બેંકો પાસેથી લોન લેનાર દ્વારા લોનની શરતોનું પાલન ન થવાના કીસ્સામાં પીનલ ઈન્ટરેસ્ટ લેવામાં આવતું હતું હવે તેના ઉપર જીએસટી લાગશે નહી. યાદ રાખો કે પિનલ ઈન્ટરેસ્ટ લાગશે પરંતુ જીએસટી લાગશે નહીં તેવી ભલામણ કરવામાં આવેલ છે.



# સી.જી.એસ.ટી રૂલ્સના નિયમ ૮૯(૪એ) અને (૪બી) બાબતે સરકાર દ્વારા ફેરફારો

સામાન્ય રીતે ત્રણ પ્રકારના નિકાસકર્તા એક્સ્પોર્ટ સંબંધે રિફંડની માગણી કરે છે. એન પ્રકાર છે એવા ઉત્પાદકોનો જે પોતાનું પૂરેપુરુ ઉત્પાદન એક્સ્પોર્ટ કરે છે. બીજો પ્રકાર છે 'મર્ચન્ટ એક્સ્પોર્ટર', એટલે કે એવાં વ્યાપારી જે બજારમાંથી તૈયાર માલની ખરીદી કરી તેની નિકાસ કરે. આઈ.જી.એસ.ટી. એક્ટની કલમ ૧૬(૩)(એ) હેઠળ ઝીરો રેટેડ સપ્લાય (એટલે કે 'એકસપોર્ટ') બાબતની ઈનપુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ મળે છે અને આ કલમ હેઠળ રિફંડ મેળવવામાં ઉપરોકત બે પ્રકારના નિકાસકર્તાને કોઈ પ્રશ્ન કે તકલીફ નડતી નથી. આ બંને પ્રકારના એકસપોર્ટરને વણવપરાયેલી ક્રેડિટનું રિફંડ મળશે, કારણ કે તેમનાં ક્રેડિટ લેજરમાં પડી રહેલી ક્રેડિટ પૂરેપૂરી એક્સ્પોર્ટરના વ્યવહારોને લગતી જ છે. આવા નિકાસકર્તા માટે વણવપરાયેલી ક્રેડિટનું રિફંડ મેળવવું સહેલું અને સરળ છે. પણ ત્રીજા પ્રકારના વ્યાપારી છે જે ઉત્પાદન કરતાં હોય અને ઉત્પાદિત માલનું વેચાણ આપણા દેશમાં કરતાં હોય અને પોતે ઉત્પાદિત કરેલાં માલનો અમુક જથ્થો એક્સ્પોર્ટ પણ કરતાં હોય. આ ત્રીજાં પ્રકારનો એક્સ્પોર્ટર એ છે કે જે પોતે ઉત્પાદિત કરેલાં માલને આંતરરાષ્ટ્રીય બજારમાં તથા લોકલ બજારમાં (એટલે કે આપણાં જ દેશમાં) પણ વેચાણ કરતાં હોય. આ પ્રકારના વ્યાપારીને વણવપરાયેલી ક્રેડિટનું રિફંડ આપવા માટે સરકારે સી.જી.એસ.ટી. રૂલ્સના નિયમ ૮૯(૪) હેઠળ એક ફોર્મ્યુલા આપી છે.

### ઝીરો રેટેડ સપ્લાય

એક્સ્પોર્ટ એટલે આંતરરાષ્ટ્રીય બજારમાં માલ પૂરો પાડવો, અને આ પ્રકારના દેશની બહાર મોકલવાના વ્યવહારો માટે પાર્લામેન્ટ દ્વારા 'ઈન્ટિગ્રેટેડ ગુડઝ એન્ડ સર્વીસીસ એક્ટ, ૨૦૧૭' ની જોગવાઈઓ લાગુ પાડવામાં આવી છે. આઈ.જી.એસ.ટી. એક્ટની કલમ ૧૬ હેઠળ 'ઝીરો રેટેડ સપ્લાય' ની જોગવાઈઓ કરવામાં આવેલ છે, અને તે અનુસાર માલ અથવા સેવાની નિકાસ (એકસપોર્ટ ઓફ ગુડ્સ અથવા સર્વિસ) ને ઝીરો રેટેડ સપ્લાય ગણવામાં આવે છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનનાં એકમો અથવા એસ.ઈ.ઝેડ. ડેવલપરને અપાતાં માલ/સેવાને પણ 'ઝીરો રેટેડ સપ્લાય' ગણવામાં આવે છે, કારણ કે એસ.ઈ.ઝેડને પણ વિદેશી પ્રદેશ (foreign territory) ગણવામાં આવે છે. આ ઝીરો રેટેડ સપ્લાય ઉપર ટેક્સ ભરવાનો થતો નથી. પણ આ પ્રકારના સપ્લાય માટે વપરાયેલા ઈનપુટ/ઈનપુટ સર્વિસ પર ભરાયેલ જી.એસ.ટી.ની ક્રેડિટ ( ITC ઈનપુટ ટેક્સ ક્રેડિટ) આ વ્યાપારીને આપવામાં આવે છે. જો આવી ક્રેડિટ આપવામાં ન આવે તો વ્યાપારી દ્વારા નિકાસ થતાં માલ/સેવાની કિંમત વધારે થાય, કારણ કે વ્યાપારીએ ઈનપુટના વ્યવહારો પર ભરેલ ટેકસને કોસ્ટ (cost) ગણી આ કોસ્ટનો સમાવેશ નિકાસ થતાં માલ/સેવાની કિંમતમાં ઉમેરવો પડે. તેથી કલમ ૧૬(૨) હેઠળ જોગવાઈ છે કે ઝીરો રેટેડ સપ્લાય પર ટેક્સ ભરવાનો નથી. અને આ પ્રકારના સપ્લાય કરમુક્ત (exempt) હોવા છતાં તેને લગતી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC ) મળવાપાત્ર છે. આ ક્રેડિટનું રિફંડ નિકાસકર્તાને આપી સ્થાનિક કરનું એક્સ્પોર્ટ અટકાવવામાં આવે છે.

### આઈ.જી.એસ.ટી. એકટની કલમ ૧૬(૩)

એક્સ્પોર્ટ ઉપર આપવામાં આવેલી આઈ.ટી.સી.ના રિફંડ માટે કલમ ૧૬(૩) હેઠળ બે વિકલ્પ આપવામાં આવેલો છે. એકસ્પોર્ટ કરનાર વ્યાપારી માલ/સેવાની નિકાસ આઈ.જી.એસ.ટી. (એટલે કે ઈન્ટિગ્રેટેડ ટેકસ) ની ચુકવણી કર્યા વગર બોન્ડ અથવા લેટર ઓફ અંડરટેકિંગ (LUT) હેઠળ કરી શકે છે અને આ પ્રમાણે ટેકસની ચુકવણી કર્યા વગર નિકાસ કરવાથી વ્યાપારી પાસે જે ક્રેડિટ વપરાયાં વગર પડી રહે તેનું રિફંડ માગવાનો હક આવાં વ્યાપારીને આપવામાં આવ્યો છે.બીજો વિકલ્પ એ છે કે વ્યાપારી માલ/સેવાની નિકાસ કરતાં સમયે માલ/સેવાની કિંમત ઉપર ઈન્ટિગ્રેટેડ ટેકસ ભરે, અને આ ટેક્સ ભરવા માટે ઈનપુટ ક્રેડિટનો ઉપયોગ કરે, અને એક્સ્પોર્ટના માલ/સેવા ઉપર આ રીતે ભરાયેલ ટેકસનું રિફંડ માગી શકે છે. આ પ્રમાણે એક્સ્પોર્ટના વ્યવહારોને સંબંધિત ઈનપુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ કલમ ૧૬(૩) હેઠળ આપવાની જોગવાઈ પાર્લામેન્ટ દ્વારા કરવામાં આવેલ છે.

ઝીરો રેટેડ સપ્લાય (એટલે કે એક્સ્પોર્ટ) નાં વ્યવહારો પર ઈન્ટિગ્રેટેડ ટેક્સ ભરી તેનું રિફંડ લેવાની કલમ ૧૬(૩) (બી)

હેઠળની જોગવાઈના અમલ માટે સી.જી.એસ.ટી. રૂલ્સના નિયમ ૯૬(૧૦) હેઠળની જોગવાઈના કારણે અનેક વિવાદો થયા છે. જે નિકાસકર્તા વ્યાપારીએ ઈનપુટના કોઈપણ વ્યવહારોમાં એડવાનસ ઓથોરાઈઝેશનનો લાભ લીધેલ હોય તો કલમ ૧૬(૩)(બી) હેઠળ પાર્લામેન્ટ દ્વારા આપવામાં આવેલો હક પૂરેપુરો છીનવાઈ જાય છે. તેની આપણે અગાઉ ડિસેમ્બર, ૨૦૨૦ના અંતિમ પખવાડિયામાં અને જાન્યુઆરી ૨૦૨૧ ના પ્રથમ સપ્તાહમાં ત્રણ ભાગમાં ચર્ચા કરેલ છે. પણ કલમ ૧૬(૩)(એ) હેઠળના વિકલ્પના અમલ માટે કરેલા નિયમ ૮૯ સંબંધે પણ વિવાદના મુદ્દા સર્જાયા છે, અને નિકાસકર્તાઓને બોન્ડ કે એલ.યુ.ટી. હેઠળ ઈન્ટિગ્રેટેડ ટેકસની મુકિત હેઠળ એકસ્પોર્ટ કરી, વણવપરાયેલી ઈનપુટ ક્રેડિટના રિફંડનો વિકલ્પ પણ માર્યો જાય એવી પરિસ્થિતિનું સર્જન થયું છે. એડવાન્સ ઓથોરાઈઝેશન હેઠળ એકસ્પોર્ટ કરતાં વ્યાપારીઓ માટે સી.જી.એસ.ટી. નિયમ ૮૯(૪) અને નિયમ ૮૮ (૪એ)/૮૯ (૪બી) ને કારણે જે ઈનપુટ ટેકસ ક્રેડિટ વપરાયા વગર બેલેન્સમાં રહે છે તેનું રિફંડ પણ હવે મળે નહીં એવી પરિસ્થિતિ સર્જાઈ છે. પરંતુ જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા આ પ્રશ્નના હલ માટે ૮૯(૪એ) અને (૪બી) ને સી.જી.એસ.ટી. નિગમમોમાંથી રદ કરવામાં આવેલ છે. ભૂતકાળમાં એકસ્પોર્ટ વિવાદો ચાલુ રહેતા હોવાથી તે બાબતે સરકાર કાઉન્સિલ અથવા અદાલત દ્વારા ઉપાય કરવાનું કાર્ય હજી પડતર રહે છે.

### જીએસટી કાઉન્સિલ પ્રીમિયમ પરનો જીએસટી ઘટાડે તો લોકો માટે વીમો સસ્તો થઈ શકે

# હેલ્થ અને જીવનવીમાના પ્રીમિયમમાં ઘટાડાની સંભાવના : નાણાપ્રધાનનો સંકેત

### વીમા પોલિસી તેમજ સિનિયર સિટિઝન માટેના વીમામાં જીએસટી માં રાહતની સંભાવના

## ૨૧મીની બેઠકમાં મુદ્દો ચર્ચાવાની ધારણા

સીતારામનના વડપણ હેઠળ ૨૧મી ડિસેમ્બરે રાજ્યોના નાણાપ્રધાનોની બનેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ મુદ્દો ચર્ચાવાની શક્યતા છે. તે દિવસે હેલ્થ અને જીવન વીમા પર જીએસટી ઘટાડવા અંગેનો GoM રિપોર્ટ કાઉન્સિલન સમક્ષ રજૂ કરવામાં આવે તેવા સંકેતો છે. ૨૦૨૩-૨૪ માં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોને હેલ્થકેર અને જીવનવીમા પોલીસી પર જીએસટી દ્વારા રૂા. ૧૬,૩૯૮ કરોડની આવક થઇ હતી. જેમાં એલઆઇસી નાં પ્રીમિયમ પર જીએસટી થી રૂા. ૮,૧૩૫ કરોડ અને હેલ્થ ઇન્સ્યોરન્સ થી રૂા. ૮,૨૬૩ કરોડની આવક થઇ હતી.

દેશનાં લોકો માટે હેલ્થ અને જીવન વીમો સસ્તો થઈ શકે કેમ ? તેવા પ્રશ્નનો જવાબ આપતા કેન્દ્રના નાણાપ્રધાન નિર્મલા સીતારામને જવાબ આપ્યો હતો કે જો જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા આરોગ્ય વીમો અને લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી પરનો જી.એસ.ટી. ઘટાડવામાં આવે તો પોલિસી હોલ્ડર માટે વીમાનો ખર્ચ એટલે કે વીમા પ્રીમિયમ ઘટી શકે છે અને વીમાનો ખર્ચ ઓછો થઈ શકે છે. લોકસભામાં એક લેખિત જવાબમાં તેમણે કહ્યું કે, ૯મી સપ્ટેમ્બરે યોજાયેલી જી.એસ.ટી. કાઉન્સીલની બેઠકમાં હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પરનો જી.એસ.ટી. ઘટાડવા માટે વિચારણા કરવા પ્રધાનોનું ગ્રુપ (જી.ઓ.એમ.) રચવા ભલામણ કરવામાં આવી હતી. બંને વીમા પર જી.એસ.ટી. ઘટાડવાનો મુદ્દે જી.ઓ.એમ. સમક્ષ વિચારણા હેઠળ છે. સૂત્રોના જણાવ્યા મુજબ જી.ઓ.એમ. ટર્મ લાઈફ વીમા પોલિસી અને સિનિયર સિટિઝન માટેના હેલ્થ વીમા પરનો જી.એસ.ટી. ઘટાડવા સંમત હોવાનું મનાય છે. આ ઉપરાંત સિનિયર સિટિઝન સિવાયની દરેક વ્યકિત કે જે રૂા. ૫ લાખ સુધીનો હેલ્થ વીમો લે તો તેનાં પર જી.એસ.ટી. માફ કરવામાં આવી શકે છે. જો કે રૂા. ૫ લાખથી વધુના હેલ્થ વીમા પર ૧૮ ટકા જી.એસ.ટી. ચાલુ રહેશે.

# GSTN ની એડવાઈઝરીનું ભારણ, બની જશે ક્યારેક ચિંતાનું કારણ




આજકાલ GSTN એટલે કે ગુડસ એન્ડ સર્વિસિસ ટેક્સ નેટવર્ક જેનું માત્ર અને માત્ર કામ જી.એસટી હેઠળ રજિસ્ટ્રેશનની સુવિધા, પત્રકો ભરવાની વગેરે સુવિધાઓ પૂરી પાડવાનું છે તેણે હવે જી.એસટી તંત્રને જીએસટી કાયદાને બદલે પોતે કહે તેમ ચાલવા માટે મજબૂર કરી દીધું હોય એવું લાગે છે. વાત એમ છે કે તા.૨૫ સપ્ટેમ્બર GSTN દ્વારા એડવાઈઝરી બહાર પાડવામાં આવી કે પોર્ટલ પર પ્રાપ્ત થતા વિવિધ દસ્તાવેજો જેમ કે શો કોઝ નોટિસ, આકારણીના ઓર્ડરો, રિફંડ ઓર્ડર વગેરે જેના પર ડિજીટલ સિગ્નેચર ન હોય તેવા દસ્તાવેજોની કાયદેસરતા પર પ્રશ્નો ઉઠાવાઈ રહ્યા છે. આથી આ અંગે સ્પષ્ટ કરી દેવામાં આવે છે કે આ દસ્તાવેજો સંબંધીત અધિકારીના અધિકૃત પોર્ટલમાંથી ડિજીટલ સિગ્નેચરનો ઉપયોગ કરીને જ બહાર પાડવામાં આવે છે. આ દસ્તાવેજો અધિકારીના અધિકૃત પોર્ટલમાંથી અને ડિજીટલ સિગ્નેચર મારફત જ બહાર પાડવામાં આવતા હોવાથી કોઈ ફિઝિકલ સિગ્નેચરની પણ જરૂરત જણાતી નથી.

હવે આ બાબતમાં હકીકત શું છે તે જાણીએ.

સેન્ટ્રલ ગુડસ એન્ડ સર્વિસ ટેકસ રુલ તથા ગુજરાત ગુડસ એન્ડ સર્વિસ ટેકસ રુલનો રુલ નંબર ૨૬ નો પેટા રુલ નંબર ૩ જણાવે છે કે જી.એસટી કાયદા હેઠળ બહાર પાડવામાં આવતી બધી નોટિસો, બધાં પત્રકો અને બધા ઓર્ડરો અધિકૃત અધિકારી દ્વારા ઈલેકટ્રોનિકલી અથવા તો ડિજીટલ સિગ્નેચર મારફત અથવા તો ઈ-સિગ્નેચર મારફત અથવા તો બોર્ડ દ્વારા નકકી કરવામાં આવે તે મુજબ અન્ય કોઈ રીતે જ બહાર પાડવામાં આવવા જોઈએ.

આમ GSTN દ્વારા બહાર પાડવામાં આવેલી એડવાઈઝરી, જે એવું સૂચવે છે કે જો કોઈ પણ દસ્તાવેજો પોર્ટલ ઉર ઉપલબ્ધ હોય તો તેમાં ડિજીટલ સિગ્નેચરની જરૂર નથી, એ ભ્રામક તથા ગેરમાર્ગે દોરનારી છે કારણ કે દસ્તાવેજોમાં ડિજીટલ સિગ્નેચર ભલે ન પણ હોય પરંતુ ઈ-સિગ્નેચર હોવી તો ફરજિયાત જ જણાય છે.

પોર્ટલ ઉપર દસ્તાવેજો પૂરા પાડવાથી તેમાં કોઈ સિગ્નેચરની જરૂર જણાતી નથી. એવું કઈ રીતે કહી શકાય ? આપણે જાણીએ છીએ કે કાયદાનાં આ પ્રકારનાં એટલે કે જુદાં જુદાં અર્થઘટનથી ઉભા થતા વિવાદો માટે કરદાતાઓ મોટાભાગે અદાલતનો દરવાજો ખખડાવતા જ હોય છે. આ અંગેના જ પ્રશ્નની ખૂબ રસપ્રદ ચર્ચા આંધ્રપ્રદેશ હાઈકોર્ટના એસ.આર.કે.એન્ટરપ્રાઈઝ વિરુદ્ધ આસિસટન્ટ કમિશ્નરના કેસમાં કરવામાં આવી છે. જે સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

આ કેસમાં કરદાતાને પોતાની વિરુધ્ધ ઓર્ડર મળતાં તે અદાલતમાં જાય છે જેમાં તેની એક મુખ્ય દલીલ એ હોય છે કે પસાર કરાયેલા ઓર્ડર પર કોઈ સિગ્નેચર નથી. આ અંગે બચાવમાં સરકારના વકીલ દ્વારા એવી દલીલ કરાઈ હતી કે સેન્ટ્રલ ગુડસ એન્ડ સર્વિસ ટેકસની કલમ ૧૬૦ મુજબ કોઈ પણ આકારણીને કોઈ પણ ભૂલ, ખામી કે ઉપેક્ષાને લીધે અયોગ્ય ઠેરવી શકાય નહીં. તે ઉપરાંત કલમ ૧૬૯ મુજબ ઓર્ડરને અધિકૃત અધિકારી દ્વારા પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરાવવામાં

**GSTN દ્વારા જારી કરાયેલી એડવાઇઝરી જે એમ સૂચવે છે કે માત્ર દસ્તાવેજોને પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવાથી તેમાં ડિજિટલ કે ફિઝિકલ સિગ્નેચરની જરૂર નથી તે અનેક અદાલતોએ આપેલા ચુકાદાઓની વિરૂદ્ધ જણાય છે. આ પ્રકારની એડવાઇઝરી GSTN ના કાર્યક્ષેત્રની બહારનું તથા જીએસટી કાયદાની વિરૂદ્ધનું કાર્ય છે.**

આવેલ છે જે કારણસર પણ ઓર્ડરની કાયદેસરતા વિષે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં.

અદાલતે આ દલીલોને નકારી કાઢતાં જણાવ્યું કે ઓર્ડર પર સિગ્નેચર ન હોવી તેને કોઈ ભૂલ, ખામી કે ઉપેક્ષા ગણાવીને કલમ ૧૬૦નો સહારો લઈ શકાય નહીં. વધુમાં કલમ ૧૬૯ એ પ્રક્રિયા દર્શાવે છે જેની મારફત શો કોઝ નોટિસ કે ઓર્ડર કરદાતાઓને પ્રાપ્ત થવા જોઈએ. તેથી કલમ ૧૬૯ મુજબ ઓર્ડરને પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરાવવાથી સિગ્નેચરની જરૂરીયાતને નકારી શકાય નહી.

તદુપરાંત, તેલંગણા હાઈકોર્ટે સિલ્વર ઓક વિલાસ એલએલ.પી. વિરુધ્ધ આસિસ્ટન્ટ કમિશ્નરના ચુકાદામાં જણાવ્યું હતું કે રુલ ર૬(૩) ના તાબા હેઠળ ઓર્ડરનું ડિજીટલ અથવા ફિઝીકલ સિગ્નેચરથી પ્રમાણીકરણ થયેલું હોવું જરૂરી છે. તેથી સિગ્નેચર વગરનો ઓર્ડર ભલે પછી તે ડિજીટલી પ્રાપ્ત થયેલો હોય તો પણ તેને યોગ્ય ઠેરવી શકાય નહીં. નામદાર બોમ્બે હાઈકોર્ટે રામાણી સૂચિત મલિસ્ટી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા તથા નામદાર દિલ્હી હાઈકોર્ટે માર્ગ ઈઆરપી લિમિટેડ વિરુદ્ધ કમિશનર ઓફ દિલ્હી ગુડસ એન્ડ સર્વિસ ટેકસના ચુકાદામાં પણ કરદાતા તરફી ચુકાદો આપતાં સિગ્નેચર વગરના ઓર્ડર તથા શો કોઝ નોટિસને અયોગ્ય ઠેરવેલ છે.

આમ GSTN દ્વારા જારી કરાયેલી એડવાઈઝરી કે જે એવું સૂચવે છે કે માત્ર દસ્તાવેજોને પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવાથી તેમાં ડિજીટલ કે ફિઝીકલ સિગ્નેચરની જરૂર નથી તે અનેક અદાલતોએ આપેલા ચુકાદાઓની વિરુદ્ધ જણાય છે.

અગાઉ જણાવ્યા મુજબ આ પ્રકારની સિગ્નેચરને લગતી એડવાઈઝરી કે પછી આઈટીસી રિવર્સલ / રિકલેઈમ સ્ટેટમેન્ટ તથા IMS જેવી સિસ્ટમ થોપવી એ GSTN ના કાર્યક્ષેત્રની બહારનું તથા જીએસટીના ભવિષ્યને સુગમ બનાવવા માટે એ ખૂબ જરૂરી છે કે GSTN કરદાતાઓને આ પ્રકારના કાયદા વિરુદ્ધનાં બંધનમાં રાખવાના પ્રયાસથી દુર રહે.



# ક્રેડિટ કાર્ડના લેટ પેમેન્ટ પર ૩૦ ટકાથી વધુ વ્યાજ લઈ શકાશે

સુપ્રીમ કોર્ટે ક્રેડિટ કાર્ડના બિલના લેટ પેમેન્ટ પરના વ્યાજ પરની ૩૦ ટકાની મહત્તમ મર્યાદા રદ કરી છે. રાષ્ટ્રીય ગ્રાહક ફરિયાદ નિવારણ પંચે ક્રેડિટ કાર્ડના બિલની મોડી ચુકવણી કરવા માટે વધુમાં વધુ ૩૦ ટકા વાર્ષિક વ્યાજ વસૂલ કરી શકાય તેવો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૧૬ વર્ષ જુના આ કેસમાં એનસીડીઆરસીનો ચુકાદો રદ કર્યો હતો.

ન્યાયાધીશ બેલા ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની બનેલી બેન્ચ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક, સીટી બેન્ક, અમેરિકન એકસપ્રેસ અને હોંગકોંગ એન્ડ શાંઘાઈ બેન્કિંગ કોર્પોરેશન (એચએસબીસી) ની એક અરજીની સુનાવણી કરી રહી હતી. આ તમામ બેન્કોએ સુપ્રીમ કોર્ટને પ્રશ્ન કર્યો હતો કે કોઈ ક્રેડિટ કાર્ડ ધારક નિશ્ચિત તારીખ કરતાં મોડું પેમેન્ટ કરે ત્યારે તેના લેટ પેમેન્ટ ઉપર વધુમાં વધુ કેટલું વ્યાજ લઈ શકાય તે બાબતનો વિગતવાર ચુકાદો હવે જાહેર થશે.

૨૦૦૮ માં એનસીડીઆરસીએ એવો ચુકાદો આપ્યો હતો કે કોઈ વ્યકિત તેના કાર્ડનું પેમેન્ટ મોડું કરે અથવા મિનિમમ પેમેન્ટ કરીને બાકીના પૈસા મોડેથી ભરે તો તેની પાસેથી ૩૦ ટકાથી વધુ વ્યાજ લેવું તે ગેરવાજબી વેપારી રસમ છે.

બેન્કોએ એવી દલીલ કરી હતી કે લેટ પેમેન્ટ ઉપર કેટલું વ્યાજ લઈ શકાય તે નકકી કરવાની સત્તા ફકત રિઝર્વ બેન્ક પાસે જ છે જે ગ્રાહકો સમયસર નાણાં ભરી શકતા નથી તેમણે જ વ્યાજ ભરવું પડે છે. બાકીના ગ્રાહકોને વગર વ્યાજે ૪૫ દિવસ સુધીની ઉધારી મળે છે. આ ઉપરાંત ક્રેડિટ કાર્ડના બિઝનેસમાં અન્ય ખર્ચ પણ થતો હોય છે. એનસીડીઆસીએ વ્યાજની મહત્તમ મર્યાદા નકકી કરતી વખતે આ બધી બાબતો ધ્યાનમાં લીધી ન હતી.

રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે બેન્કોને એવો નિર્દેશ આપવામાં આવ્યો છે કે ગ્રાહકો પાસેથી વધુ પડતું વ્યાજ લેવું નહીં. આમ છતાં લેટ પેમેન્ટ ઉપર બેન્કોએ કેટલું વ્યાજ લેવું જોઈએ. તે રિઝર્વ બેન્ક નકકી નહીં કરે. બેન્કોના બોર્ડ ઓફ ડાયરેકટર્સ એ નિર્ણય લેવાનો છે.

# સિનિયર સિટિઝનના કેસમાં રૂા.૭ લાખ પેન્શન સહિત રૂા.૭.૫૦ લાખથી ઓછી આવક હોય તો Zero TDS નો લાભ લઈ શકાય.

# બેન્ક ડિપોઝીટના વ્યાજમાંથી TDS ની કપાત

## કલમ ૧૯૪-એ હેઠળ વ્યાજમાંથી ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ સંબંધી જોગવાઈઓ




કલમ ૧૯૪એ ની જોગવાઈઓ અનુસાર, સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન કરદાતાને રૂા.૫,૦૦૦ થી વધુ વ્યાજ (જામીનગીરીમાંથી વ્યાજ સિવાય) મળવાપાત્ર હોય, તો વ્યાજ ચૂકવવા માટે જવાબદાર વ્યકિત તેમજ એચ.યુ.એફ. સિવાયના શખ્સો (જેમ કે ભાગીદારી પેઢી, **LLP, AOP** કંપની વગેરે) તેમજ કલમ ૪૪એબી હેઠળ ટેક્સ ઓડિટને પાત્ર કોઈપણ વ્યકિત, એચ.યુ.એફ તથા **AOP/BOI** એ, તેના ઉપર ૧૦% ના ધોરણે આવકવેરો કાપવાનો હોય છે.

### બેન્ક ડિપોઝિટના વ્યાજની ચુકવણીના સંદર્ભમાં TDS ની કપાત મર્યાદા ૪૦,૦૦૦

૨૦૧૯ના નાણાકીય ધારા અન્વયે ૧લી એપ્રિલ, ૨૦૧૯ થી કરાયેલ જોગવાઇ અનુસાર બેન્કે ડિપોઝિટના વ્યાજની ચુકવણીના સંદર્ભમાં રૂા. ૧૦,૦૦૦ ની અગાઉની મર્યાદાને વધારીને રૂા. ૪૦,૦૦૦ કરવામાં આવી.

ઉપરોક્ત સંદર્ભમાં કરદાતાને કોઈપણ બેન્ક કે કો-ઓપરેટિવ બેન્કના કેસમાં, તેની એક કે વધુ શાખાઓ દ્વારા વ્યાજ ચૂકવવામાં આવ્યું હોય તો, તમામ શાખાઓ દ્વારા ચૂકવાતા વ્યાજની રકમ એકત્રિત કરીને થતી રકમ સંબંધી રૂા. ૪૦,૦૦૦ની મર્યાદાની ગણતરી કરવાની રહેશે. આ જોગવાઈને લક્ષમાં રાખતા, જો કોઈ કરદાતા દ્વારા, ૭% ના વાર્ષિક દરે વ્યાજ મળતું હોય, તેવી રૂા. ૫,૦૦,૦૦૦ ની પાંચ બેન્ક ડિપોઝિટો, અલગ અલગ બેન્કમાં મૂકવામાં આવે, તો દરેક બેન્કમાંથી મળતા રૂા. ૩૫,૦૦૦ ના વ્યાજ ઉપર TDS ની કોઈ કપાત થાય નહીં.

આ સંદર્ભમાં એ પણ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે ઉપરોક્ત રૂા. ૪૦,૦૦૦ ની મર્યાદા, માત્ર બેન્ક કે પોસ્ટ ઓફિસ માં મૂકેલ ડિપોઝિટ ઉપર મળતા વ્યાજ માટે જ અમલી છે. બેન્ક અને ,પોસ્ટ ઓફિસ સિવાયના અન્ય (જેમ કે પેઢી કે કંપની) દ્વારા ચૂકવાતા વ્યાજના સંદર્ભમાં રૂા. ૫,૦૦૦ ની કપાત મર્યાદા માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

### સિનિયર સિટિઝનના કેસમાં TDS ની કપાતમાંથી રૂા. ૫૦,૦૦૦ સુધીના વ્યાજને મુક્તિ

કલમ ૧૯૪એ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯થી સિનિયર સિટિઝનના કેસમાં રૂા. ૫૦,૦૦૦ સુધીના વ્યાજની ચુકવણીમાંથી TDS ની કપાત કરાશે નહીં તેવો સુધારો કરવામાં આવ્યો.

### ટેક્સ એટ સોર્સ ન કપાય તે માટે ફોર્મ ૧૫જી રજૂ કરીને ક્યારે લાભ લઈ શકાય ?

કલમ ૧૯૭એ હેઠળ એવી વિશેષ છૂટ આપવામાં આવી

છે કે જો કંપની કે ભાગીદારી પેઢી સિવાયના કોઇ રહીશ કરદાતા દ્વારા આ હેતુસર નિયત કરવામાં આવેલ ફોર્મ ૧૫જી ભરીને એવી જાહેરાત કરવામાં આવે છે કે તેના કેસમાં તેની અંદાજિત કુલ આવક ઉપર ભરવાપાત્ર આવકવેરો 'શૂન્ય' થાય છે, તો તેવા કેસમાં તેને મળનાર વ્યાજની ચુકવણીમાંથી કોઇ TDS કપાશે નહીં. આ સંદર્ભમાં એવું નિયંત્રણ મૂકવામાં આવ્યું છે કે જો કરદાતાને સંબંધિત શખ્સ પાસેથી વર્ષ દરમિયાન મળનાર ચુકવણીની કુલ રકમ કરમુક્તિ મર્યાદાથી (અર્થાત્ રૂા. ૩,૦૦,૦૦૦) થી વધુ હોય, તો તેવા કેસમાં તે ઉપરોક્ત છૂટનો લાભ લઇ શકશે નહીં. કલમ ૧૯૪એ હેઠળની જોગવાઇઓ માત્ર રહીશ (Resident) હોય તેવા કરદાતાના કેસમાં જ લાગુ પડતી હોય, ઉપરોક્ત લાભો બિન-રહીશ (Non Resident) ના કેસમાં મળી શકશે નહીં.

**સિનિયર સિટિઝનના કેસમાં ફોર્મ ૧૫એચ સંબંધી ઉદાર અભિગમ!**

સિનિયર સિટિઝનોને ઉપરોક્ત નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવી છે. સિનિયર સિટિઝનોના કેસમાં (તેમની આવક રૂા. ૩,૦૦,૦૦૦ થી વધુ હોય તો પણ) તેમજ સુપર સિનિયર સિટિઝનોના કેસમાં (તેમની આવક રૂા. ૫,૦૦,૦૦૦ થી વધુ હોય તો પણ) આ હેતુસર ફોર્મ ૧૫એચ રજૂ કરવાની વિશિષ્ટ રાહતકારક જોગવાઇ કરવામાં આવી છે. સિનિયર સિટિઝનના કેસમાં તેની કરપાત્ર આવક ઉપર કોઇ ટેક્સ ભરવાનો થતો ન હોય તો, વ્યાજમાંથી TDS ન કપાય તે હેતુસર ફોર્મ ૧૫એચ રજૂ કરી શકાય છે.

આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ સુધી અમલી કલમ ૮૭એ હેઠળ આવકવેરા રિબેટની જોગવાઇ અનુસાર રૂા. ૫ લાખથી ઓછી કરપાત્ર આવક ધરાવતા રહીશ વ્યક્તિગત કરદાતાના કેસમાં રૂા. ૧૨,૫૦૦ સુધીના આવકવેરા રિબેટનો લાભ મળી શકવા સંબંધી જોગવાઇ હતી. આ રિબેટનો લાભ ગણતા આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે, જો સિનિયર સિટિઝનના કેસમાં કોઇ આવકવેરો ભરવાનો થતો ન હોય, તો તેવા કેસમાં ફોર્મ ૧૫એચ રજૂ કરી શકાય તે માટેનો આવકવેરા નિયમમાં જરૂરી સુધારો તારીખ ૨૨મી મે, ૨૦૧૯ના CBDT નોટિફિકેશન હેઠળ કરવામાં આવ્યો.

આકારણી વર્ષ ૨૦૨૪-૨૫ થી, કલમ ૧૧૫બીએસી અન્વયે આવકવેરાની નવી યોજના લાગુ પડતી હોય, તેવા કેસમાં કલમ ૮૭એ હેઠળ રૂા. ૨૫,૦૦૦ સુધીના આવકવેરા રિબેટના લાભને લક્ષમાં રાખતાં, રૂા. ૭ લાખથી ઓછી કરપાત્ર આવક ધરાવતા સિનિયર સિટિઝનના કેસમાં કોઇ જ આવકવેરો ભરવાની જવાબદારી ઉપસ્થિત થાય નહીં. આ સંજોગોમાં, ઉપરોક્ત CBDT નોટિફિકેશનને અનુલક્ષીને, આવા કેસમાં પણ ફોર્મ ૧૫એચ રજૂ કરીને TDS ની કોઇ કપાત ન કરાય તે સંબંધી લાભ મેળવી શકાય. પેન્શનની આવક ધરાવતા સિનિયર સિટિઝનના કેસમાં રૂા. ૫૦,૦૦૦ ના સ્ટાન્ડર્ડ ડિડક્શન સહિત રૂા. ૭,૫૦,૦૦૦ થી ઓછી આવક હોય તેવા કેસમાં પણ ફોર્મ ૧૫એચ રજૂ કરી શકાય.

**બેન્ક ડિપોઝિટના સંદર્ભમાં TDS નો વ્યાપ**

કલમ ૧૯૪એ હેઠળ બેન્ક દ્વારા ટાઇમ ડિપોઝિટ (અર્થાત્ ફિક્સ ડિપોઝિટ) ઉપર ચૂકવાતા વ્યાજ સંબંધી TDS ની કપાતના સંદર્ભમાં ટાઇમ ડિપોઝિટ ઉપરાંત રિકરિંગ ડિપોઝિટ ઉપર પણ ચૂકવાતા વ્યાજ સંબંધી TDS ની કપાતની જવાબદારી રહેશે.

કોર બેન્કિંગ સોલ્યુશનની જોગવાઇઓને લક્ષમાં રાખતા, એક જ બેન્કની તમામ શાખાઓ દ્વારા કરદાતાને ચૂકવાતા વ્યાજની કુલ રકમના સંદર્ભમાં TDS ની કપાત કરાવી જોઇએ, તે આશયથી ૧ લી જૂન, ૨૦૧૫ થી એવી જોગવાઇ કરવામાં આવી કે એક જ બેન્કની તમામ બ્રાન્ચો દ્વારા કરદાતાને ચૂકવાતા વ્યાજની કુલ રકમને એકત્રિત કરીને, સંબંધિત બેન્ક દ્વારા TDS ની કપાત કરવામાં આવશે.

# જીડીપી વૃદ્ધિ દર નીચો આવતા રિઝર્વ બેન્ક માટે વ્યાજ દરનો નિર્ણય કસોટીરૂપ બનવાના એંધાણ

વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશનો આર્થિક વિકાસનો (જીડીપી) વૃદ્ધિ દર ઘટીને આવ્યો છે જ્યારે ફુગાવો હજુપણ ઊંચો પ્રવર્તી રહ્યો છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદર અંગે કેવો અભિગમ અપનાવે છે તેના પર બજારની નજર રહેલી છે. ઊંચા ફુગાવાને ધ્યાનમાં રાખતા આરબીઆઈ હજુપણ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવશે તેવો પણ એક મત પ્રવર્તી રહ્યો છે.

## રિટેલ ફુગાવો ઊંચો પ્રવર્તતો હોવાથી સાવચેતીપૂર્ણ નિર્ણય લેવાવાની શક્યતા



દેશનો ઓક્ટોબરનો રિટેલ ફુગાવો આરબીઆઈની ચાર ટકાની મર્યાદા ઉપરાંત છ ટકાથી વધુ રહી ૬.૨૦ ટકા રહ્યો છે, ત્યારે આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) વ્યાજ દર ઘટાડવાની પ્રક્રિયા શરૂ કરશે નહીં, પછી ભલે જીડીપી વૃદ્ધિ દર ઘટીને આવ્યો હોય એમ એક બેન્કરે જણાવ્યું હતું.

એકતરફ ઊંચા ફુગાવા તથા બીજી બાજુ જીડીપીના નીચી વૃદ્ધિને જોતા ૪-૬ ડિસેમ્બર દરમિયાન યોજાનારી એમપીસી બેઠકમાં સભ્યો વચ્ચે મતમતાંતર જોવા મળવાની સંભાવના રહેલી છે.

સપ્ટેમ્બર ત્રિમાસિકનો જીડીપી વૃદ્ધિ દર ઘટીને ૫.૪૦ ટકા સાથે સાત ત્રિમાસિકની નીચી સપાટીએ રહ્યો છે જ્યારે અપેક્ષા ૬.૬૦ ટકા રખાતી હતી. રિઝર્વ બેન્કે સાત ટકાની અપેક્ષા રાખી હતી. ઉત્પાદન, માઈનિંગ તથા બાંધકામ ક્ષેત્રે પ્રવૃત્તિ મંદ રહેતા જીડીપી પર અસર પડી હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.


રિઝર્વ બેન્ક માર્ચ ૨૦૨૫ માં રેપોરેટ ઘટાડશે અને જૂન સુધીમાં રેપો રેટમાં અડધા ટકા સુધીનો ઘટાડો જોવા મળશે એમ ગોલ્ડમેન સાચ્સ દ્વારા અગાઉ જણાવાયું હતું. નાણાં પ્રધાન નિર્મલા સિતારામન તથા વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલ વ્યાજ દરમાં કપાત માટે આગ્રહ ધરાવી રહ્યા છે, તેને ધ્યાનમાં રાખતા એમપીસી સાવચેતીપૂર્ણ ઘટાડો કરે તો નવાઈ નહી એમ અન્ય એક બેન્કરે જણાવ્યું હતું. જ્યાં સુધી ફુગાવો રિઝર્વ બેન્કના ચાર ટકાના ટાર્ગેટ આસપાસ સ્થિર નહીં થાય ત્યાં સુધી વ્યાજ દરમાં ઘટાડો કરવાનું તેની માટે મુશ્કેલ બની રહેશે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

### આર્થિક વૃદ્ધિદર ૫.૪ ટકાના ૨૧ મહિનાના તળીયે પણ ઓક્ટોબરમાં ફુગાવાનો દર ૬.૨૧ ટકાના ૧૪ મહિનાના ઊંચા સ્તરે હોવાથી આરબીઆઇએ સતત ૧૧ મી વાર વ્યાજદર યથાવત્ રાખ્યો

# FY-25 નો વૃદ્ધિદરનો અંદાજ ૭.૨% થી ઘટાડી ૬.૬%, ફુગાવાનો અંદાજ ૪.૫% થી વધારી ૪.૮%

### જોકે સીઆરઆર ૪.૫ ટકાથી ઘટાડી ૪ ટકા કરાતા બેંકો પાસે ધિરાણ માટે વધુ રકમ ઉપલબ્ધ બનશે



રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ તેની મોનેટરિ પોલિસી કમિટિ (એમપીસી) ની દ્વિમાસિક બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે આજે જાહેરાત કરી હતી. મધ્યસ્થ બેંકે કરેલી જાહેરાત મુજબ રેપો રેટ ૬.૫ ટકાના દરે ૪:૨ની બહુમતિથી યથાવત રાખવામાં આવ્યા છે. ફુગાવાનો દર નિયંત્રણમાં ન હોવાથી આરબીઆઇ દ્વારા સતત ૧૧ મીબેઠકમાં વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા છે. જોકે આરબીઆઇના ગવર્નર શશિકાંત દાસે જણાવ્યા મુજબ કેશ રિઝર્વ રેશિયો ૪.૫ ટકાથી ઘટાડીને ૪ ટકા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વૃદ્ધિદરનો અંદાજ ૭.૨ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કરવામાં આવ્યો છે. જ્યારે ફુગાવાના દર માટેનો અંદાજ ૪.૫ ટકાથી વધારીને ૪.૮ ટકા કરવામાં આવ્યો છે. દરમિયાન મધ્યસ્થ બેંકે સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (એસડીએફ) અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલીટી (એમએસએફ) ના દર પણ અનુક્રમે ૬.૨૫ ટકા અને ૬.૭૫ ટકાના સ્તરે યથાવત રાખ્યા છે.

જોકે ઓક્ટોબરમાં આરબીઆઇએ અર્થવ્યવસ્થામાંથી નાણાંના પ્રવાહને ઓછો કરવાનું વલણ બદલીને ન્યુટ્રલ સ્ટેન્ડ અપનાવવાવમાં આવ્યું હતું તેને આ વખતે પણ આરબીઆઇએ જાળવી રાખ્યું છે. દાસે જણાવ્યું હતું કે ફુગાવાનો દર સતત ઊંચો રહ્યો છે, જેના કારણે વ્યાજદર યથાવત રાખવામાં આવ્યો છે. જોકે વ્યાજદર યથાવત રાખવામાં આવ્યો હોવા છતાં મૂડીખર્ચ વધશે અને ચોમાસું સારૂં ગયું હોવાથી આર્થિક દર સારો રહેશે એવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબરમાં ફુગાવાનો દર ૬.૨૧ ટકાની ૧૪ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જેને કારણે આરબીઆઇ અર્થતંત્રનો વૃદ્ધિદર ૫.૪ ટકાના ૨૧ મહિનાના તળિયે ગયો હોવા છતાં વ્યાજદરમાં ઘટાડો કરી શકી નથી.

આરબીઆઇએ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે આર્થિક વૃદ્ધિદરનો અંદાજ ૭.૪ ટકાથી ઘટાડીને ૬.૮ ટકા જ્યારે ચોથા ત્રિમાસિક ગાળા માટેનો અંદાજ ૭.૪ ટકાથી ઘટાડીને ૭.૨ ટકા કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો આર્થિક વૃદ્ધિદરનો અંદાજ પણ ૭.૩ ટકાથી ઘટાડીને ૬.૯ ટકા કરવામાં આવ્યો છે. ત્રીજા ત્રિમાસિક ગાળામાં ફુગાવાનો દર ૫.૭ ટકા અને ચોથામાં ૪.૫ ટકા રહેશે એવો અંદાજ આરબીઆઇ ધરાવે છે. આગામી નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે આરબીઆઇએ ફુગાવાના દરનો અંદાજ ૪.૩ ટકાથી વધારીને ૪.૬ ટકા કર્યો છે અને બીજા ત્રિમાસિક ગાળા માટે ૪ ટકાનો અંદાજ મુક્યો છે.

ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ૫.૪ ટકાના દરે એટલે કે અપેક્ષા કરતાં ઓછો રહ્યો તેને માટે આરબીઆઇએ માંગમાં ઘટાડા અને ખાનગી રોકાણમાં પણ ઘટાડોને જવાબાદાર ગણાવ્યો હતો. આરબીઆઇના મતે સરકાર દ્વારા કરાતા ખર્ચમાં તો આ ગાળામાં રિકવરી જોવા મળી હતી.

## આરબીઆઈના પાંચ મહત્ત્વના નિર્ણયો

### ૧. કોલેટરલ વગર અપાતી કૃષિલોન માટેની મર્યાદા રૂા. ૧.૬૦ લાખથી વધારી રૂા. ૨ લાખ

નાના ખેડૂતોના રાહત આપતા એક ઘટનાક્રમમાં આરબીઆઇ એ કોલેટરલ વગર અપાતી કૃષિ લોન માટેની મર્યાદા રૂા. ૧.૬૦ લાખથી વધારીને રૂા. ૨ લાખ કરવાની જાહેરાત કરી છે. આ અંગે બોલતા દાસે જણાવ્યું હતું કે કોલેટરલ વગર અપાતી કૃષિ લોન માટેની મર્યાદામાં છેલ્લે ૨૦૧૯ માં વધારો કરાયો હતો તે પછી કૃષિ માટે વપરાતા કાચા માલ સામાનના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. અને ફુગાવાનો દર પણ આ સમયગાળામાં ઊંચો રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને કોલેટરલ વગરની કૃષિ લોનની મર્યાદામાં આ પ્રકારે વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને નાના ખેડૂતો માટે વધુ કૃષિ ધિરાણ ઉપલબ્ધ બનશે.

### ૨. હવે સ્મોલ ફાયનાન્સ બેંકો યુપીઆઈથી એપ્રુવ્ડ લોન આપી શકશે.

સ્મોલ ફાયનાન્સ બેંક (એસએફબી) યુપીઆઇ દ્વારા પ્રિએપ્રુવ્ડ લોન ઓફર કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવાનો પ્રસ્તાવ પણ આરબીઆઈએ મુક્યો છે. આ અંગેની વિગતવાર માર્ગદર્શિકા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ પ્રસ્તાવ પાછળનો હેતુ પહેલીવાર લોન લઇ રહ્યા હોય એવા લોકોને ઓછા વ્યાજદરની નાની રકમની લોન ઉપલબ્ધ બનાવવાનો છે. એસએફબી તેમની હાઇ ટેક વ્યવસ્થા અને લો કોસ્ટ મોડલના કારણો સાવ છેવાડા માનવીને લોનની સુવિધા આ પ્રકારે પુરી પાડવા માટે લાભદાયક સ્થિતિમાં હોવાથી અને યુપીઆઇ આધારિત લોન પૂરી પાડવામાં છે મહત્ત્વનવ ભૂમિકા પૂરી પાડી શકે એમ હોવાથી આરબીઆઇએ આ પ્રસ્તાવ મુક્યો છે. યુપીઆઇ દ્વારા પ્રિ એપ્રુવ્ડ લોનનો પ્રારંભ શેડ્યૂલ્ડ બેંકોના માધ્યમથી સપ્ટેમ્બર, ૨૦૨૩માં કરવામાં આવ્યો હતો.

### ૩. NRI દ્વારા ફોરેન કરન્સિમાં મુકાતી ડિપોઝિટ પરના વ્યાજ માં ૧.૫ ટકાનો વધારો

વિદેશમાં વસતા ભારતીયો દ્વારા સ્થાનિક બેંકોમાં જે ફોરેન કરન્સિ ડિપોઝીટ (એફસીએનઆર-બી) મુકવામાં આવે છે તેના પર અપાતા વ્યાજની મર્યાદા વધારવાનો નિર્ણય આરબીઆઇએ લીધો છે, જેની પાછળનો હેતુ વિદેશી નાણાંનો પ્રવાહ વધારવાનો અને રૂપિયા વધેલુ દબાણ ઘટાડવાનો છે. હાલમાં બેંકો આવી એક થી ત્રણ વર્ષની ડિપોઝીટ પર ઓલ્ટરનેટિવ રેફરન્સ રેટ (એઆરઆર) ઉપરાંત ૨.૫ ટકા અને ત્રણથી પાંચ વર્ષની મુદત ની ડિપોઝીટ પર એઆરઆર ઉપરાંત ૩.૫ ટકા વ્યાજ આપી શકે છે. હવે ડિસેમ્બર ૬ થી જ એટલે કે તાત્કાલિક રીતે અમલી બને એવી રીતે બેંકો આવી એકથી ત્રણ વર્ષની મુદતની ડિપોઝીટ પર એઆરઆર ઉપરાંત ૪ ટકા અને ત્રણથી પાંચ વર્ષની મુદત માટેની ડિપોઝીટ પર એઆરઆર ઉપરાંત ૫ ટકા વ્યાજ આપી શકશે. જોકે આ વધારો ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી જ આપી શકાશે.

### ૪. કોમ્યુનિકેશન માટે પોડકાસ્ટનો પ્રારંભ કરાશે

એમપીસીએ કોમ્યુનિકેશનના એક નવા માધ્યમ તરીકે પોડકાસ્ટ લોંચ કરવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય પાછળનો હેતુ લોકોની હિસ્સેદારી વધારવાનો અને પારદર્શિતા લાવવાનો છે. આ પોડકાસ્ટ દ્વારા આરબીઆઇ લોકોને વિવિધ જાણકારી અને માહિતી આપશે.

### ૫. ડિજિટલ ફ્રોડ રોકવા એઆઇ-આધારિત મોડલ લોંચ કરાશે

ડિજિટલ ફ્રોડ રોકવાના પોતાના પ્રયાસોના ભાગરૂપે આરબીઆઇએ એ-આઇ અને એમએલ આધારિત એક ઇનોવેટિવલ મોડલને લોંચ કરવાની જાહેરાત કરી છે. આ મોડલ આરબીઆઇ ના બેંગલોર ખાતે આવેલા ઇનોવેશન હબ દ્વારા વિકસાવવામાં આવ્યું છે અને તે બેંકોને મુલ બેંક એકાઉન્ટની ખૂબ જ સરળતાથી પકડી શકાય તે માટે બેંકોને મદદરૂપ થવાનો ઇરાદો ધરાવે છે. આમ થવાથી હાલમાં જે ડિજિટલ ફ્રોડ થાય છે તેની પર રોક લાગશે. આ ઉપરાંત આ મોડલના કારણે એલગોરિથમિક બાયસ, એક્સપ્લેનેબિલીટી અને ડેટા પ્રાઇવસિ જેવી બાબતોમાં પણ બેંકોને ફાયદો થશે. આ ઉપરાંત આરબીઆઇ પ્રત્યેક ક્ષેત્રો ના નિષ્ણાતોની એક કમિટિની રચના કરશે અને આ કમિટિ વિવિધ બેંકોને ફાયનાન્સિયલ ક્ષેત્રે એઆઇનો જવાબદારીપૂર્વક અને નૈતિક રીતે અમલ કરવા માટે કેવું ફ્રેમવર્ક અપનાવવું તે અંગે સલાહ આપશે.

### કેશ રિઝર્વ રેશિયો એટલે શું ?

બેંકો પાસે જે કુલ ડિપોઝીટ એકત્ર થઇ હોય તેમાંથી એક ચોક્કસ ટકાવારી જેટલી રકમ આરબીઆઇ પાસે ફરજિયાતપણે ડિપોઝીટ તરીકે એટલે કે રિઝર્વ તરીકે રાખવાની હોય છે. બેંકોએ કુલ ડિપોઝીટની જેટલા ટકા રકમને આ પ્રકારે આરબીઆઇ પાસે રાખવાની હોય તેને ટકાવારીને કેશ રિઝર્વ રેશિયો કહે છે.

### સીઆરઆર ઘટતા બેંકો પાસે રૂા. ૧.૧૬ લાખ કરોડનું વધુ ભંડોળ ઉપલબ્ધ બનશે

આરબીઆઇએ શુક્રવારે સીઆરઆર ને ૪.૫ ટકાથી ઘટાડીને ૪ ટકા કરવાની જાહેરાત કરી હતી. સીઆરઆર એક બેંકોને તેમની પાસે એકત્ર થયેલી કુલ ડિપોઝીટમાંથી જેટલા ટકા રકમ આરબીઆઇ પાસે રિઝર્વ તરીકે રાખવી પડે છે તેની ટકાવારી છે. હવે આ ટકાવારીમાં અડધા ટકાનો ઘટાડો થતાં ભારતની તમામ બેંકો પાસે ધિરાણ આપવા માટે વધુ રૂા. ૧.૧૬ લાખ કરોડનું ભંડોળ ઉપલબ્ધ બનશે.

# ભારતીય બંધારણ વિશે આટલું જાણો

## ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવાય છે, જ્યારે દાયકાઓ પૂર્વે બંધારણીય સભાએ ચર્ચા-શોધ-સંશોધન પછી જોગવાઈઓ સ્વીકારી હતી



**આ પૈકીના કેટલાંક મૌલિક હક આ મુજબના છે :**

* સમાનતાનો અધિકાર
* સ્વતંત્રતાનો અધિકાર
* શોષણનો પ્રતિકાર કરવાનો અધિકાર
* ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
* સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર
* બંધારણીય જોગવાઇનો અધિકાર.

### - સંવિધાન દિવસ શા માટે ?

આપણે સૌ જાણીએ છીએ કે, ભારતીય સંવિધાન ૨૬ મી જાન્યુઆરી, ૧૯૫૦ ના દિવસે લાગુ કરવામાં આવ્યું હતું, અને એ નિમિત્તે દર વર્ષે ગણતંત્ર દિવસ અથવા પ્રજાસત્તાક દિવસ મનાવવામાં આવે છે. પરંતુ ઘણા ઉમેદવારોને એ ખબર નથી હોતી કે, ૨૬ મી નવેમ્બરના, ૧૯૪૯ ના રોજ સંવિધાન બનાવનારી સભા એટલે કે, Constitution Assembly એ પહેલા ચર્ચાઓ અને અનેક સંશોધન બાદ આ સંવિધાનનો સ્વીકાર કર્યો હતો. તેને પગલે જ દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીને ગણતંત્ર દિવસ તરીકે મનાવાય છે, જ્યારે આપણા બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવા માટે સંવિધાન દિવસ ઉજવવાનો નિર્ણય લેવાયો હતો.

### - ૨૦૧૫ થી થઇ શરૂઆત :

પહેલા સંવિધાન લાગુ થયાને પગલે ૨૬મી જાન્યુઆરીને જ પ્રજાસત્તાક દિવસ તરીકે મનાવવામાં આવતો હતો. પરંતુ ભારતીય સામાજિક ન્યાય મંત્રાલય દ્વારા ૧૯મી નવેમ્બર, ૨૦૧૫ ના દિવસે નિર્ણય કર્યો હતો કે, દર વર્ષે ૨૬મી નવેમ્બરને ઉજવવામાં આવે. આ દિવસની ઉજવણી કરવા પાછળનો હેતુ દેશમાં લોકોને સંવિધાનના મૂલ્યો બાબતે જાગૃત કરવાનો છે. આપણા બંધારણને જાતિ, ધર્મ, ઊંચ, નીચને ધ્યાનમાં લીધા વિના ઘડવામાં આવ્યું છે. દેશના તમામ નાગરીક ચાહે અમીર હોય કે ગરીબ એ તમામને બરાબરના હક આપવામાં આવ્યા છે.

# PAN 2.0 : ગાઁવ બસા નહીં, લુટેરે પહલે આ ગયે !

**તમને મેસેજ આવે કે તમારૂં પાન કાર્ડ અપગ્રેડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો. સરકારે નવી ખાનગી જાહેરાત કરી એ સાથે આવી છેતરપિંડી શરૂ થઇ ગઇ છે.**

સામાન્ય રીતે માર્ગ અકસ્માત વિશે લોકોને જાગૃત કરવા માટે હાઇવે પર બોર્ડ લાગેલાં હોય છે 'જનર હટી દુર્ઘટના ઘટી.' જોકે, આ વાત માત્ર અકસ્માત પૂરતી સીમિત નથી. હવે સાઇબર ફ્રોડના કિસ્સામાં પણ એટલી જ સાચી છે. સાયબર ગઠિયાઓ દરરોજ અવનવી પદ્ધતિ અપનાવીને લોકો સાથે ફ્રોડ કરે છે. ટેકનોલોજી, સરકાર કે પોલીસ જેટલી અપડેટ નથી રહેતી તેનાથી અનેકગણા તેઓ અપડેટ રહે છે. જેનું તાજું ઉદાહરણ તમારી સામે મૂકવું છે.

ભારત સરકારે ગયા અઠવાડિયે PAN કાર્ડને અપગ્રેડ કરવા માટે PAN 2.0 પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે. PAN 2.0 જૂના પાનકાર્ડ જેવું જ હશે પરંતુ તેમાં વધારાની સુરક્ષા અને વધુ માહિતી માટે QR કોડ પણ હશે. PAN 2.0 ફિઝિકલ નહીં પણ ડિજિટલ હશે. આ પ્રોજેક્ટની ઘોષણા કરતા સરકારે કહ્યું કે જૂના પાનકાર્ડનો ઉપયોગ કરી છેતરપિંડીના બનાવો વધી રહ્યા હતા. ડુપ્લિકેટ પાનકાર્ડ બનતાં હતાં, કોઇની ઓળખ ચોરીને તેમના નામે પાનકાર્ડ બની જતું, કોઇને જાણ વિના તેમનાં નામ પર લોન લેવાઇ જતી. આ બધું રોકવા માટે હવે PAN 2.0 લાવવામાં આવ્યું છે.

### PAN 2.0 નામે ફ્રોડની શરૂઆત થઇ ગઇ છે !

સરકાર કહે છે કે ફ્રોડ રોકવા માટે PAN 2.0 લાવવામાં આવ્યું છે પરંતુ હવે PAN 2.0 ના નામથી જ સાયબર ફ્રોડ થવાની શક્યતા છે. જેની શરૂઆત પણ થઇ ગઇ છે. વોટ્સએપ પર એવા મેસેજ ફરતા થઇ ગયા છે કે જેમાં લખેલું હોય છે કે 'તમારૂં પાન કાર્ડ અપગ્રેડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો' અથવા તો 'ભારત સરકારે જૂનાં બધા પાન કાર્ડ બંધ કરી દીધાં છે અને નવું PAN 2.0 લોન્ચ કર્યું છે. જેના માટે નીચેની લિંક પર ક્લિક કરો.

### કઇ રીતે ફ્રોડ થાય છે ?

સાયબર ગઠિયાઓ સરકારના આ નિર્ણયનો લાભ લઇને લોકોના પૈસા પડાવવાનો પ્રયાસ કરશે. બેંકના નામે ફોન કરશે, ઇન્કમ ટેક્સ અધિકારી બની ફોન કરશે, એજન્ટ બનીને ફોન કરશે. બધામાં વાત એક જ હશે કે સરકારે જૂનું પાન કાર્ડ બંધ કરી દીધું છે તો નવું પાન કાર્ડ બનાવો. આવું કહીને તમને લિંક મોકલશે અથવા તો નામ, સરનામું, આધાર નંબર, પાન નંબર, બેંકનો એકાઉન્ટ નંબર વગેરે સંવેદનશીલ માહિતી માંગશે. જો તેમની વાતોમાં આવીને આવી માહિતી આપી તો ચૂના લાગ્યો સમજજો.

સાયબર ફ્રોડ વિશે ચાલતાં જાગૃતિ અભિયાનો, સમાચારોમાં આવતી ઘટનાઓ અને સોશિયલ મીડિયા પર લોકો જાતે સાયબર ફ્રોડ સામે અભિયાન ચલાવે છે છતાં સાયબર ફ્રોડની ઘટનાઓ અટકવાનું નામ નથી લઇ રહી.

### બસ, આટલું યાદ રાખો

સૌથી પહેલા તો યાદ રાખો કે ભારત સરકારે PAN 2.0 પ્રોજેક્ટની માત્ર જાહેરાત કરી છે, આ પ્રોજેક્ટ શરૂ નથી થઇ ગયો.

- બીજી વાત કે તમારૂં જૂનું પાન કાર્ડ હજુ ચાલુ જ છે તે બંધ નથી થયું. જ્યાં સુધી નવું પાન કાર્ડ નહીં બને ત્યાં સુધી શરૂ જ રહેશે. ઉપરાંત તમારો પાન નંબર તો જે છે તે જ રહેશે, તેમાં કોઇ ફેરફાર નથી થવાનો.
- તમારી પાસે પહેલાથી જ પાન કાર્ડ છે તો તમારે PAN 2.0 માટે કોઇ ફી આપવાની જરૂર નથી. એટલે કોઇ પૈસા માગે તો સાવધાન થઇ જજો.
- સરકાર પોતે જૂનાં પાન કાર્ડને અપગ્રેડ કરવાની છે, આપણે તેમાં કશું નથી કરવાનું. એટલે કે એજન્ટો કે લિંકના ચક્કરમાં બિલકુલ નથી પડવાનું.
- સરકારે હજુ નવું પાન કાર્ડ કઇ રીતે ડાઉનલોડ કરવું અને કયારથી ડાઉનલોડ કરવું તે વિશે કોઇ સત્તાવાર માહિતી નથી આપી. જેથી કોઇપણ અજાણી લિંક પર ક્લિક ના કરતા કે અજાણી એપ્લિકેશન ડાઉનલોડ ન કરતા.
- જૂનું પાન કાર્ડ બનાવતી વખતે આપણે જે માહિતી સરકારને આપી હતી, તે તમામ માહિતી સરકાર પાસે પહેલાથી છે જ. અત્યાર સુધીમાં મોટાભાગનાં લોકોનાં આધાર કાર્ડ પણ પાન નંબર સાથે લિંક થઇ ગયાં છે. માટે નવી માહિતી આપવાની જરૂર નથી. કોઇ ફોન કરીને આવી માહિતી માગે તો બિલકુલ ના આપતા.

### સતર્ક રહો, સુરક્ષિત રહો.

ટૂંમાં કહીએ તો નવા પાન કાર્ડના નામે કોઇ લિંક મોકલે તો ક્લિક નથી કરવાની, .Apk ફાઇલ મોકલે તો ડાઉનલોડ નથી કરવાની અને ફોન કરે તો કોઇ માહિતી નથી આપવાની. આ વાત ખાસ કરીને તમારા ઘરના વડીલોને સમજાવજો, કારણ કે સાયબર ગઠિયાઓનો પહેલો ટાર્ગેટ સિનિયર સિટીઝન્સ જ હોય છે.

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કોશિષ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સાયબર સિક્યોરિટી તથા ડ્રગ્સ વિરોધી સેમિનાર.




જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કોશિષ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૧૨-૨૦૨૪ ને શનિવારના રોજ ચેમ્બરની ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી પેનલ તથા એન્યુકેશન અને હેલ્થ પેનલ દ્વારા જામનગર ચેમ્બર ખાતે સાયબર સિક્યોરિટી તથા ડ્રગ્સ વિરોધી સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમિનાર માં રાજકોટ રેન્જના આઇ.જી. શ્રી અશોકકુમાર યાદવજી તથા જામનગરના પોલિસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલું તેમની ટીમ સાથે ઉપસ્થિત રહેલ હતા.

સેમિનારની શરૂઆતમાં ચેમ્બરના પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ જાડેજાએ શબ્દોથી સ્વાગત કરતાં ચેમ્બર ની સ્થાપના વિશે જણાવેલ હતું ત્યારબાદ હાલના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઇમ થી કેવી રીતે સુરક્ષિત રહેવું તથા આજના યુવાનો ડ્રગ્સ તથા વિવિધ નશાઓ તરફ આગળ વધી રહેલ છે તેને કેવી રીતે રોકવા તે બાબત માર્ગદર્શન મળી રહે તે માટે જામનગર ની વિવિધ સ્કૂલ તથા કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ તેમજ શહેરના લોકો માટે માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આજના આ સેમિનાર માં આપણી ચેમ્બરના આમંત્રણ ને માન આપીને રાજકોટ રેન્જ આઇ.જી. શ્રી અશોક કુમાર યાદવજી પણ આપણને માર્ગદર્શન કરવા ખાસ ઉપસ્થિત રહેલ છે. આજનો આ સેમિનાર વિદ્યાર્થીઓ તેમજ શહેરના લોકોને ખુબ જ ઉપાયોગી થશે તેવી આશા વ્યક્ત કરેલ હતી.

આ પ્રસંગે ચેમ્બરના હોદ્દેદારો સર્વ પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખશ્રી રમણીકભાઇ અકબરી, માનદ મંત્રીશ્રી અક્ષતભાઇ વ્યાસ, માનદ સહ મંત્રીશ્રી કૃણાલભાઇ વી. શેઠ, માનદ ઓડિટરશ્રી તુષારભાઇ વી. રામાણી, કોશિષ ફાઉન્ડેશનના ચેરપર્સનશ્રી સહારાબેન મકવાણા, સંસ્થાની ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી પેનલના ચેરમેનશ્રી અનુભવભાઇ ખંડેલવાલ, એજ્યુકેશન અને હેલ્થ

પેનલ ના ચેરમેન શ્રી મહેમુદભાઇ વહેવારિયા દ્વારા આજના કાર્યક્રમના મહેમાન શ્રી અશોક કુમાર યાદવજી તથા જામનગર પોલિસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુંજીનું પુષ્પ ગુચ્છ થી સન્માન કરવામાં આવેલ હતું.

આ તકે આજના કાર્યક્રમ ના મુખ્ય મહેમાન શ્રી અશોક કુમાર યાદવજીએ તેમના વકતવ્યમાં જણાવેલ કે આ રીતે સાયબર ક્રાઇમ ના સેમિનારો તમામ જગ્યાએ અને અવાર નવાર થવા જોઇએ જેથી લોકોમાં જાગૃતતા આવે કારણ કે હાલ થઇ રહેલ ડિજિટલાઇજેશન તથા આધુનિકરણના લીધે લોકોના ડેટા સુરક્ષિત નથી જેથી કરીને અમુક લોકો ફ્રોડ કરે છે અને સામાન્ય લોકો તેનો ભોગ બને છે. કોઇ અજાણ્યા નંબર પર થી આવતા વિડીયો કોલ ઉપાડવા નહીં કારણ કે હવે ફ્રોડ આચરતા લોકો વિડીયો કોલ કરી બ્લેકમેલ કરે છે અને ખોટી રીતે ડરાવે/ધમકાવે છે જેનાથી સામાજિક તથા આર્થિક નુકશાની નો ભોગ બનવું પડે છે. ભારત સરકારની કોઇ પણ એજન્સી કોલ કરીને કોઇ પણ પાસેથી વિગતો માંગતી નથી પરંતુ સાયબર ફ્રોડ કરતી ગેંગ લોકોને કોલ કરીને માહિતી મેળવી OTP માંગી લોકો સાથે ફ્રોડ કરતાં હોય છે. જેમાં ભોગ બનનાર ને મોટી નાણાકીય નુકશાની ભોગવવી પડે છે. વધુમાં જે લોકો સોશ્યલ મિડીયા નો વધુ ઉપયોગ કરે છે અને સ્ટેટસ અપડેટ કરવા, ફેસ બુક તેમજ વિવિધ સાઇટ ઉપર પરિવારના ફોટા મૂકવા પણ સુરક્ષિત નથી જેનો ગેર ઉપયોગ કરવામાં આવે છે. લોકોને તેમના નાણાકીય વહેવારોના પાસવર્ડ પણ સહેલા ન રાખવા જોઇએ અને સમયાંતરે બદલતા રહેવું. આમ લોકોને જાગૃત રહેવા તથા સુરક્ષિત રહેવા પર ખાસ ભાર મુકેલ હતો.

હાલ ડ્રગ્સ વિરોધી બાબત પોલિસ વિભાગ ખુબ જ સુંદર કામગીરી કરી રહેલ છે. જેમાં ખાસ કરીને ગુજરાત રાજ્ય સુરક્ષિત છે. અન્ય રાજ્યોમાં પરિસ્થિતી ખુબ જ ખરાબ છે. ડ્રગ્સનો કાયદો ખુબ જ કડક છે જેમાં ૨૦ વર્ષની સજાની જોગવાઇ છે. જેથી લોકોને આ પ્રકારના નશાથી દૂર રહેવા જણાવેલ હતું. તેમણે ચેમ્બર તથા કોશિષ ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ સેમિનારની સરાહના કરેલ હતી.

આ સેમિનારમાં ઉપસ્થિત સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ (SOG) ના અધિકારીશ્રી વિક્રમસિંહ ઝાલાએ ડ્રગ્સ વિશે માહિતી આપતા જણાવેલ કે સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ (SOG) નું કામ દેશ વિરોધી થતી પ્રવૃત્તિ ને રોકવી. હાલ અમુક નવયુવાનો તેમજ વિદ્યાર્થીઓ પોતાના શોખ ખાતર તથા ખરાબ સંગતથી અથવા માનસિક સ્ટ્રેસ ના લીધે નશો કરતાં થઇ ગયા છે. અમુક રાજ્યોમાં નશા કરતાં લોકોની પરિસ્થિતી ખુબ જ ખરાબ છે. આપણે આપણું તથા આપણા પરિવાર માટે આવી કોઇ નશાની આદત ના કરવી અને આનાથી સુરક્ષિત રહેવું જોઇએ. આ તકે નવયુવાનો ને તથા સમાજના લોકોને આવા નશાથી દૂર રહેવા ખાસ અનુરોધ કરેલ હતો.

આ સેમિનારનો મુખ્ય મુદ્દો સાયબર ક્રાઇમ નો છે તેના માટે ખાસ સાયબર ક્રાઇમ વિભાગ તરફથી પધારેલ પોલિસ સબ ઇન્સ્પેક્ટરશ્રી એચ. કે. ઝાલા સાહેબે પ્રેઝન્ટેશન દ્વારા લોકો સાથે કઇ રીતે સાયબર ક્રાઇમ તથા ફ્રોડ થઇ શકે છે તે વિષયે ઓડિયો/વિડીયો ના માધ્યમથી વિસ્તૃત અને વિસ્તારથી માહિતી આપેલ હતી. સાયબર ક્રાઇમ તથા ફ્રોડ ની કોઇ સ્પષ્ટ વ્યાખ્યા હોતી નથી પરંતુ મુખ્યત્વે લોકોની સામાજીક પ્રતિષ્ઠા, લોકોના નાણાની ઉચાપત અને સરકારના નામે અને સરકારી નાણાની ઉચાપત થાય છે. આ તકે તેમણે ઓડિયો/વિડીયો ના માધ્યમથી લોકો સાથે કઇ રીતે સાયબર ક્રાઇમ અથવા ફ્રોડ થઇ શકે છે. તેમજ આજના વિદ્યાર્થીઓ તેમના પરિવારજનો તથા સામાન્ય લોકોને કે જે લોકો સોશ્યલ મીડિયા નો વધુ પડતો ઉપયોગ કરતાં હોય છે તેઓને સાયબર ક્રાઇમ તથા ફ્રોડથી કેવી રીતે બચવું તેના વિશે જણાવેલ હતું. કોઇ પણ એપ્લિકેશન અથવા વેબસાઇટનો ઉપયોગ સાવચેતીથી કરવો જોઇએ. અજાણ્યા નંબર પરથી આવતા વિડીયો કોલ ન ઉપાડવા જોઇએ. અન્યથા તમને બ્લેક મેલ કરી સામાજીક તથા નાણાકીય બાબતે હેરાન કરવામાં આવશે. આ તકે તેમણે લોકોને સલામત, સાવચેત તથા સુરક્ષિત રહેવા સોશ્યલ મીડિયાનો સમજી વિચારી ને ઉપયોગ કરવો અજાણ્યા લોકોને તમારી કોઇ અંગત માહિતી જેવી કે આધાર કાર્ડ નંબર / પેન કાર્ડ નંબર કે ATM કાર્ડ કે ક્રેડિટ/ ડેબિટ કાર્ડના નંબર કે OTP ના આપવા જોઇએ. તેમ છતા પણ જો આપની સાથે જો સાયબર ક્રાઇમ કે ફ્રોડ થાય અને નાણાંકીય ઉચાપત થાય તો તુરંત જ આપના નજીકના સાયબર ક્રાઇમ પોલિસ સ્ટેશનમાં ફીરયાદ કરો જેથી તમારી સામાજીક પ્રતિષ્ઠા તથા નાણાની સલામતી જળવાઇ રહેશે.

આ કાર્યક્રમમાં પોલિસ વિભાગ તરફથી જામનગર પોલિસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલુજી, સહાયક પોલિસ અધિક્ષકશ્રી પ્રતિભા મેડમ (લાલપુર ડિવિઝન), પ્રોબેશ્નરી આઇપીએસ શ્રી અક્ષેશ એન્જિનિયર, સાયબર ક્રાઇમ વિભાગના પોલિસ ઇન્સ્પેક્ટર શ્રી આઇ. એ. ઘાસુરા તથા પોલિસ સબ ઇન્સ્પેક્ટર શ્રી એચ. કે. ઝાલા, સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ (**SOG**) ના વિક્રમસિંહ ઝાલા તેમજ ચેમ્બરના કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, પેનલ ના સભ્યશ્રીઓ, શહેરની વિવિધ સ્કૂલ કોલેજોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા જન સામાન્ય બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

# ઝાડ એક અને થડ અનેક !



**ઝાડ એક અને એને થડિયાં અનેક, એવું હોઇ શકે ? એવું કરવાથી લાભ શું ?**

હા, વડ કે પીપર જેવ ખાસ વિશિષ્ટ ખાસિયત ધરાવતા ઝાડવાઓ પુખ્ત ઉંમરના થતાં તેની પાકટ ડાળીઓમાંથી પાતળાં મૂળિયાં ફૂટી ધરતી સુધી પહોંચ્યા પછી તે જમીનમાં પ્રવેશી મૂળનું માળખું બનાવી જમીનમાંથી પોષણ ખેંચી ખેંચી ઉપર મોકલવાનું કામ બજાવવા લાગે છે. સમય જતાં તે માળખું મોટું બનતું જાય છે અને જમીનથી મુખ્ય ડાળી સુધીની એ વડવાઇ હવે પાતળાપણું છોડી, લોંઠકી બની થડનું રૂપ ધારણ કરી લે છે. બસ, એના ઉપરથી ધડો લઇ ફળઝાડોમાં આપણે પેટા થડ બનાવી મૂળતંત્ર મોટું બનાવી શકીએ છીએ.

દા.ત. ચીકુનું ઝાડ ઉછરી મોટું બની જાય એટલે થડથી ૩-૪ ફૂટ છેટે જ્યાં ચીકુની ડાળી નમાવતાં આસાનીથી નીચે નમી શકતી હોય ત્યાં નીચે રાયણના પઠ્ઠાને જમીનમાં રોપી, તેને ચીકુની ડાળી સાથે ભેટ કલમ કરી જોડી દેવાનો. કલમનો સાંધો મળી જાય એટલે રાયણના પઠ્ઠાનું માથું કાપી નાખવાનું. પણ ચીકુની ડાળીને તેના ઝાડથી અલગ નહીં કરી દેતા એમને એમ લાગેલી રહેવા દેવી. જેથી રાયણનો પઠ્ઠો હવે ચીકુનું નવું થડ બની ગયું અને એના મૂળિયાં હવે ખોરાક ચૂસી ચૂસી ઉપર ચીકુના ઝાડને મોકલવાનું શરૂ કરી દે છે. આવા બે ત્રણ કે ચાર વધારાના થડ બનાવી દીધા હોય તો ઝાડ આસાનીથી તેનો મૂળવિસ્તાર સવાયો-દોઢો વિસ્તારી, એટલી વધારાની જમીનમાંથી રસકસ ચૂસી ઝાડને મોકલી શકે. એટલે એક થડ વાળા ઝાડની સરખામણીએ આવા ઝાડમાં વધારે ઉત્પાદન મળવા લાગે. જે જે ઝાડમાં ભેટકલમ શક્ય બને છે તે બધા જ ઝાડ- આંબા, જામફળી, આમળા, ગુંદા, આમલી વગેરે ઝાડવાઓમાં વધારાના થડ-મૂળિયાં ઉભા કરી, વધુ ખોરાક ઝાડને પહોંચતો કરી, ફળરૂપે ઉત્પાદનમાં રૂપાંતરિત કરી શકાય છે.

**મોસમી પાકોમાં વધુ મૂળિયાં મુકાવવા હોય તો શું કરાય ?**

(૧) તમે નિરીક્ષણ કર્યું હશે કે જુવાર, બાજરો, મકાઇ, ગલગોટા જેવા છોડવાને વડલાની જેમ તેના થડમાં જમીન નજદીકની નીચલી ગાંઠોમાંથી વડવાઇઓ નીકળતી હોય છે. પણ તે ઉંચે ને ઉંચે ટીંગાઇ રહી સુકાઇ જતી હોય છે. આપણે તેવા પાકોને ચાસે વાવેતર કરી તેના થડિયા ફરતે જરા વધારે ઊંચે સુધી માટી ચડે તેવા પાળા ચડાવી દીધા હોય તો તે ગાંઠોમાંથી નીકળતી વડવાઇઓને જમીનમાં પ્રવેશ કરવાનો મોકો ઉભો થશે અને તેના દ્વારા ધરતીમાંથી વધારાના રસ-ખેંચાણનો લાભ ઉત્પાદનમાં ચોક્કસ મળવાનો જ !

(૨) એવું જ દૂધી, તૂરિયાં, ગલકાં, ટીંડોરાં, કાકડી, કારેલાં જેવાં વેલાવાળા પાકોમાં પણ જોશો કે વેલાની ગાંઠોમાંથી વડવાઇઓ જેવાં પાતળાં મૂળો ફૂટતાં હોય છે પણ વેલો પવન પાણીથી આડો-અવળો થતો રહેતો હોઇ, તે મૂળિયાં જમીનમાં પ્રવેશી શકતાં નથી પરંતુ જો આવા વેલાને એની કોઇ કોઇ ગાંઠો પર પાણતિયા દ્વારા પાવડોભરી માટીની ઢગલીઓ કરાવતા થઇ જઇએ, તો આ વડવાઇઓ પણ જમીનને વળગી, પોષણ ચૂસી વેલાને મોકલવા માંડે છે, અને વેલો વધુ ઉત્પાદન આપવા શક્તિમાન બને છે. આતો અમારો જૂનો થઇ ગયેલો જાત અનુભવ છે.

તલસ્પર્શી નિરીક્ષણની ટેવ હોય તેવા ખેડૂતોને આ પ્રકારના અનુભવો થતા રહેતા હોય છે. આ લખાણને વાંચી રહેલા કોઇ પ્રયોગશીલ ખેડૂતભાઇને આવી કોઇ નવી વાત જાણવા મળી હોય તો સૌની જાણકારીનો લાભ મળે એ ખાતર મને જાણ કરવા વિનંતી. સુખ તો વહેંચવાથી જ વધે ને, મિત્રો !

**ઉત્તમ ફળો અને જોરદાર મૂળમાળખું બન્ને ગુણવાળું ઝાડ તૈયાર કરવું હોય તો શું કરાય ?**

આ માટે આપણે 'થડ', 'છાલ' અને 'ડુંખ' ત્રણેની મદદ લઇ શકીએ છીએ. બળ કરે ભગલો અને જશ લઇ જાય જગલો જેવી વાત તો બાગાયત વિજ્ઞાને વરસો પહેલાંથી આપણને બતાવી દીધેલ છે. કેસર જેવી સારી જાતના આંબાને ખૂબ તંદુરસ્ત અને વધુ ફળો આપે એવો બનાવવો હોય, તો જે ક્યારેય માંદો પડવામાં સમજતો નથી અને જમીનમાંથી વધુમાં વધુ કસ ખેંચી ઉપર મોકલી શકે એવી ત્રેવડ વાળા 'ખાટિયા દેશી આંબા' નું મૂળતંત્ર લગાડવું પડે. આવું કરવા ખાટિયા આંબાનો રોપ સ્ટોક ઉછેરી એના થડ અને કેસર આંબાની એટલી જ જાડાઇની ડાળી બન્નેને એક્કેક બાજુથી થોડી છોલી, બન્નેને કસકસાવીને ભેળા બાંધી, એક જીવ થતાં આંબાની તીરખીને ઝાડથી અલગ કરી, સ્વતંત્ર કલમ બનાવી બે સારા ગુણ ભેળા કરેલ ઝાડ બનાવી શકાય છે. એવું જ રાયણ અને ચીકુનો જીવનરસ એકબીજાને મળતો આવતો હોઇ, રાયણના થડ પણ ચીકુનું ઝાડવું ખડું કરવાનું પણ આપણે ત્યાં વર્ષોથી ચાલુ જ છે ને મિત્રો ! જંગલી જાતના રોપા ઉછેરી, તેના થડ-ડાળીની ચામડી છાલમાંથી થોડીક કટકી ઉખાડી લઇ, ત્યાં ઇચ્છીત ઝાડની આંખ સુષુપ્ત અંકુરવાળી કટકી ચીપકાવી દઇને બે સારા ગુણો ભેગા કરેલ ઝાડ બનાવી શકાય છે. દા.ત. બોરડી, આમળી, આંબલી, ગુંદા, જામફળી, સીતાફળી, લીંબુ વર્ગના બધા ઝાડવામાં 'છાલ' ના જ માધ્યમથી આંખકલમ કરી શકાય છે અને આ જ હેતુ 'ડુંખ' ને માધ્યમ બનાવી રાયણના પઠ્ઠા પર ચીકુનું અને દેશી આંબાના પઠ્ઠા પર અમીર આંબાનું કુણું ડોકું ભરાવી નૂતનકલમ સિદ્ધ કરી શકીએ છીએ.

# OORJA
INDUSTRIAL PARK

energy within

PROJECT BY:
VRAJ
INFRASTRUCTURE PVT. LTD.

SHOPS, SHADES & INDUSTRIAL PLOTTING

**POWERFUL** PEOPLE'S
**POWERFUL** CHOICE

**VRAJ'S**




- WEIGH BRIDGE
- RESTAURANT
- CONFRENCE ROOM ONLINE/OFFLINE
- PLANTATION
- SPORTS COMPLEX
- RCC ROAD
- TEMPLE
- ADMIN OFFICE
- 5 GUEST ROOMS
- GYM

**@ DARED - 69000 84000**

OORJA INDUSTRIAL PARK, B/H PHASE 3 GIDC,
MASITIYA MAIN ROAD, DARED, JAMNAGAR.

KALAVID

Reliance
New Energy Ltd

# WE CARE

About creating a cleaner planet
for a secure future



Printed by : Palak Printers, Jamnagar Cell : 9879610895